**આજનો સુવિચાર**

મૂર્ખાઓ પાસેથી વખાણ સાંભળવા કરતા, બુદ્ધિશાળી વ્યક્તિનો ઠપકો સાંભળવો ફાયદાકારક છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૪૫ જૂનાગઢ તા.૦૧-૦૬-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડિયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 145, Junagadh : Date : 01 Jun, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## આજે ચૂંટણીનાં ૭માં અને અંતિમ તબક્કામાં

# લોકસભાની ૫૭ બેઠકો પર મતદાન : સાંજથી એક્ઝીટ પોલ



નવી દિલ્હી, તા. ૧

દેશના આઠ રાજયોની ૫૭ બેઠકો પર આજે સવારથી મતદાન ચાલી રહ્યું છે. ભીષણ ગરમી વચ્ચે ચૂંટણીનો આ છેલ્લો રાઉન્ડ છે અને ૬ વાગ્યે મતદાન પુરૂ થયા બાદ ૬.૩૦ કલાકથી એકઝીટ પોલ આવવાનું શરૂ થઈ જશે. તા. ૪ જુનના રોજ મત ગણતરી થવાની છે.

બિહાર, હિમાચલ, ઝારખંડ, ઓરિસ્સા, પંજાબ, ઉત્તરપ્રદેશ, પ.બંગાળ, ચંદીગઢના મતદાન ચાલુ છે. તો અગાઉ ૬ તબકકામાં ૪૮૬ બેઠક પર મતદાન થઈ ચુકયુ છે. આજે કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર, પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝી, લાલુપ્રસાદ યાદવ, મિથુન ચક્રવર્તી, હરભજનસિંહ સહિતના મહાનુભાવોએ મતદાન કર્યુ હતું.

આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ પ્રારંભીક ૪ કલાકમાં સરેરાશ ૨૫ ટકા મતદાન થયું છે. પશ્ચિમ બંગાળમાં ૨૮ ટકા, ઝારખંડમાં ૩૦ ટકા, હિમાચલ પ્રદેશમાં ૩૨ ટકા, પંજાબમાં ૩૩ ટકા, ઉત્તરપ્રદેશમાં ૨૮ ટકા, બિહારમાં ૨૪ ટકા અને ઓડીસામાં ૨૩ ટકા મતદાન નોંધાયું હોવાનું ચૂંટણીપંચની વેબસાઈટનાં આંકડા મુજબ જણાવાયું છે.

આ તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પાંચ કેન્દ્રીય મંત્રીઓ આરકે સિંહ, અનુરાગ ઠાકુર, અનુપ્રિયા પટેલ, મહેન્દ્ર નાથ પાંડે અને પંકજ ચૌધરી મેદાનમાં છે. ૪ કલાકારો- કંગના રનૌત, રવિ કિશન, પવન સિંહ, કાજલ નિષાદ પણ ચૂંટણી લડી રહ્યા છે.

આ સિવાય મમતા બેનરજીના ભત્રીજા અભિષેક બેનર્જી, અફઝલ અંસારી, વિક્રમાદિત્ય સિંહ પણ પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. આજે સાતમા તબક્કાની ચૂંટણીમાં ૯૦૪ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાં ૮૦૯ પુરૂષ અને ૯૫ મહિલા ઉમેદવારો છે.

## ગૌતમ અદાણીએ અંબાણીને પાછળ છોડયા : એશિયાનાં નં.૧ ધનિક વ્યકિત બન્યા

નવી દિલ્હી તા. ૧

અમીરોની યાદીમાં મોટી ઉથલપાથલ જોવા મળી છે. ગૌતમ અદાણી હવે એશિયાના સૌથી અમીર વ્યકિત બની ગયા છે. ગૌતમ અદાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પાછળ છોડી દીધા છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, શુક્રવારે અદાણીની નેટવર્થમાં ૫.૪૫ બિલિયન ડોલરનો વધારો થયો હતો. આ સાથે તેમની નેટવર્થ ૧૧૧ બિલિયન ડોલર સુધી પહોંચી ગઈ છે. તે વિશ્વના સૌથી અમીર લોકોની યાદીમાં ૧૧માં સ્થાને અને એશિયામાં પ્રથમ સ્થાને પહોંચી ગયા છે. બીજી તરફ, મુકેશ અંબાણી ૧૦૯ અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૨માં અને એશિયામાં બીજા ક્રમે છે. અદાણી શુક્રવારે સૌથી વધુ કમાણી કરનાર અબજોપતિ હતા. આ વર્ષે તેમની નેટવર્થ ૨૬.૮ બિલિયન ડોલર વધી છે.

## ૪ જૂન પછી શેરબજારની સ્થિતિ કેવી રહેશે ?

મુંબઈ તા. ૧

આ વખતની ચૂંટણીમાં શેરબજારની ચર્ચા થઈ છે. આવું પહેલીવાર થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ચૂંટણી પરિણામો પછી શેરબજારમાં જોરદાર તેજી આવશે, એવું કહ્યું છે. આવું એટલા માટે થઈ રહ્યું છે કે, શેરબજાર એનડીએ સરકારમાં રેકોર્ડ સ્તરે પહોંચી શક્યું છે. ભાજપે આ વખતે ૪૦૦ પારનો નારો આપ્યો છે પરંતુ ઓછા મતદાને ૪૦૦ પારની સંભાવના ઘટાડી નાખી છે. ચૂંટણી પરિણામોનું અનુમાન કરવું મુશ્કેલ છે એટલે રોકાણકારોના ધબકારા વધી ગયા છે. છતાં માની લઈએ કે, એનડીએને ૪૦૦ પાર સીટ મળશે તો શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજી આવશે પણ ભાજપને ધાર્યા કરતાં ઓછી સીટ મળશે તો માર્કેટમાં પ્રવાહી સ્થિતિ રહેશે. ૪ જૂન પછી સ્ટોક એક્સચેન્જની સ્થિતિ કેવી રહેશે ? રોકાણકારોએ શું કરવું ને શું ન કરવું જોઈએ ? અગાઉની ચૂંટણીના પરિણામો કેવાં હતા ?

આજે છેલ્લા સાતમા તબક્કાનું મતદાન થયા પછી સાંજે એક્ઝિટ પોલ આવવાના શરૂ થઈ જશે. રવિવારે સ્ટોક એક્સચેન્જ બંધ રહેશે પણ સોમવારે માર્કેટ ખુલશે તે એક્ઝિટ પોલના આધારે ખુલશે. જો સોમવારે માર્કેટમાં તેજી રહે તો સમજવાનું કે મંગળવારે પરિણામો પછી ૫ જૂનથી વધારે તેજી દેખાશે. પરંતુ તમામ આધાર રિઝલ્ટ પર છે.

## કોમર્શીયલ સિલિન્ડરનાં ભાવમાં રૂા. ૭૨નો ઘટાડો

નવી દિલ્હી તા. ૧ : જૂન મહિનો શરૂ થતાં જ લોકો માટે એક સારા સમાચાર સામે આવ્યા છે. આજે (૧ જૂન) દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ફરી એકવાર કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતોમાં ઘટાડો કર્યો છે. આ સતત ત્રીજો મહિનો છે જયારે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના દરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. પરંતુ કંપનીઓએ હજુ સુધી ૧૪.૨ કિલોના ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કર્યો નથી. IOCLની વેબસાઈટ અનુસાર, નવા દરો ૧ જૂન, ૨૦૨૪થી લાગુ કરવામાં આવશે.

મતદાનના સાતમા તબક્કાની શરૂઆત પહેલા જ કંપનીઓએ સવારે ૬ વાગ્યે કોમર્શિયલ એલપીજી ગ્રાહકોને ભેટ આપી છે. જો કોમર્શિયલ એલપીજી સિલિન્ડરની નવી કિંમતોની વાત કરીએ તો દિલ્હીમાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૬૯.૫૦ રૂપિયાનો ઘટાડો થશે, સિલિન્ડરની કિંમતમાં ૭૨ રૂપિયાનો ઘટાડો થશે. તેમાં રૂા. ૬૯.૫૦નો ઘટાડો થશે અને ચેન્નાઈમાં રૂા. ૭૦.૫૦ સસ્તો થશે. આ ઘટાડો માત્ર કોમર્શિયલ એલપીજી ગ્રાહકો માટે છે, હાલમાં ઘરેલુ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## ઈઝરાયેલની કંપનીએ ભારતમાં લોકસભાની ચૂંટણીમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કર્યો હતો

નવી દિલ્હી, તા.૧: લોકસભા ચૂંટણીને લઈને દેશમાં રાજકીય તાપમાન પહેલેથી જ ઉંચુ છે. આ દરમિયાન, ChatGPT, 'OpenAI'ના નિર્માતાએ એક મોટો ખુલાસો કર્યો છે, જેના કારણે રાજકીય ગરમાવો વધુ વધે તેવી શકયતા છે. તે દાવો કરે છે કે તેણે ભારતીય ચૂંટણીઓ પર કેન્દ્રીત આ ઝુંબેશમાં AI ના ભ્રામક ઉપયોગને રોકવા માટે ૨૪ કલાકની અંદર પગલાં લીધાં. આવી સથિતિમાં, તેનો ઉપયોગ કરતા લોકોની સંખ્યામાં કોઈ નોંધપાત્ર વધારો થયો નથી, ઓપનએઆઈ એ તેની વેબસાઈટ પરના એક અહેવાલમાં જણાવ્યું છે કે ઈઝરાયેલની રાજકીય અભિયાન મેનેજમેન્ટ ફર્મ 'STOIC' એ ગાઝા સંઘર્ષ પર પણ કેટલીક સામગ્રી પ્રકાશિત કરી હતી. જેમ ભારતીય ચૂંટણીઓ તૈયાર છે. મે મહિનામાં, નેટવર્કે શાસક ભાજપની ટીકા અને વિપક્ષ કોંગ્રેસ પાર્ટીના વખાણ સહિત ભારત પર કેન્દ્રિત કોમેન્ટ્રીનું નિર્માણ કરવાનું શરૂ કર્યું હતું. અમે મે મહિનામાં ભારતીય ચૂંટણીઓ શરૂ થયાના ૨૪ કલાકથી પણ ઓછા સમયમાં સંબંધિત કેટલીક પ્રવળત્તિઓને વિક્ષેપિત કરી હતી, અહેવાલમાં જણાવાયું હતું.

ઓપનએઆઈએ જણાવ્યું હતું કે તેણે ઈઝરાયેલ દ્વારા સંચાલિત એકાઉન્ટ્સના જૂથ પર પ્રતિબંધ મૂકયો છે જેનો ઉપયોગ Xx, Facebook, Instagram, અન્ય વેબસાઈટ્સ અને YouTube પર ફેલાયેલા પ્રભાવ અભિયાન માટે સામગ્રી બનાવવા અને સંપાદિત કરવા માટે કરવામાં આવતો હતો.

## સમાચાર રાઉન્ડ અપ

- પુણેનાં ચકચારી પોર્શ કેસમાં સગીર આરોપીની માતાની ધરપકડ કરાઈ : સગીર આરોપીનું બ્લડ સેમ્પલ બદલવા માટે ડોકટરોને રૂા.૫૦ લાખ આપ્યા હતા !
- ભીષણ ગરમીથી મૃત્યુઆંક ખૂબજ વધી જતાં વારાણસીનાં મણિકર્ણિકા ઘાટ પર શબદાહ માટે લાંબી લાઈનો લાગી : અંધાધુંધી સર્જાઈ
- યુક્રેન યુધ્ધમાં અમેરીકાએ દખલગીરી કરતા રશિયા લાલઘુમ : ઓલઆઉટ વોરની ધમકી આપી
- રાજસ્થાનમાં આગ ઓકતી ગરમીએ ૬૬ લોકોનો ભોગ લીધો : રાજયના ૨૦ શહેરોમાં ૪૭ ડીગ્રી તાપમાન
- તમાકુની લત છોડાવવા હવે દેશની શિક્ષણ સંસ્થાનોમાં બનશે સ્પેશિયલ સેન્ટર્સ
- યુપીનાં મીરઝાપુરમાં ભીષણ ગરમીથી પાંચ હોમગાર્ડનાં મૃત્યું : કુલ ૪૩ લોકોનાં મોત

## અમેરીકામાં સૌપ્રથમવાર ટી-૨૦ વર્લ્ડકપ : આવતીકાલે ઉદ્‌ઘાટન મેચ સાથે ક્રિકેટનાં મહાસંગ્રામનો પ્રારંભ




ન્યુયોર્ક, તા. ૧

ભારતમાં આઈપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટની પૂર્ણાહુતિ બાદ હવે ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનો મહાસંગ્રામ શરૂ થવા જઈ રહ્યો છે. હવે અમેરિકાના ન્યુયોર્કમાં ભારતીય સમય મુજબ આવતીકાલે સવારે ૬ વાગ્યે ઉદઘાટન મેચ અમેરિકા અને કેનેડા (ડલાસ, ટેકસાસ) વચ્ચે રમાશે. તો ભારતના તમામ મેચ રાત્રે ૮ વાગ્યે શરૂ થવાના છે.

અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં ટી-૨૦ ક્રિકેટ જંગનું પહેલીવાર આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨ જૂનથી ૨૯ જુન દરમિયાન અમેરિકામાં ૧૬ અને વેસ્ટ ઈન્ડિઝમાં ૩૯ મળી કુલ ૫૫ મેચ રમાશે. પ્રથમ વખત ૨૦ ટીમોએ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભાગ લીધો છે. બીજો ટી-૨૦ વર્લ્ડ કપ જીતવા માટે તા.૫ જુનથી ભારતની સફર શરૂ થશે. ટીમ ઈન્ડિયાનો પહેલો મેચ ન્યુયોર્કમાં આયરલેન્ડ સામે છે. ભારતીય ટીમ ૧૭ વર્ષ બાદ ફરી આઈસીસી ટ્રોફી જીતે તેવું કરોડો ક્રિકેટ ચાહકો ઈચ્છી રહ્યા છે. આવતીકાલના ઉદઘાટન મેચમાં અમેરિકાના કપ્તાન મોનાંક પટેલ અને કેનેડાના કપ્તાન સાદ બિન ઝફર છે. આ ક્રિકેટ જંગની ફાઈનલ મેચ તા. ૨૯ જુને કેનસિંગ્ટન ઓવલ, બ્રિજટાઉન, બાર્બાડોસ ખાતે રમાશે. ટુર્નામેન્ટમાં પહેલી વખત ૨૦ ટીમો ભાગ લે છે જેમાં ૧૧ ટીમ આઈસીસીની પૂર્ણ સદસ્ય અને ૯ દેશ એસોસીએટ છે. ટુર્નામેન્ટમાં સ્ટોપ કલોક નિયમ હેઠળ બીજી ઓવર ૬૦ સેકન્ડમાં શરૂ કરવી પડશે. અમેરિકામાં પહેલીવાર કોઈ મોટી ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઈ રહી છે. બહારથી બનાવવામાં આવેલી ડ્રોપ ઈન પીચનો પણ પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

## દારૂની હેરાફેરીમાં શામેલ વાહનોની હરરાજી કરી દેવાશે : વટહુકમ જારી થશે

ગાંધીનગર,તા.૧

દારૂબંધીની નીતિ ધરાવતાં ગુજરાતમાં શરાબની રેલમછેલ હોવાનું જગજાહેર છે.કરોડો રૂપિયાના દારૂ પકડાય છે.દારૂબંધીની કડક નીતિ અપનાવવા છતાં દારૂનું દુષણ અટકતું નથી, રાજય સરકારે હવે વધુ આકરી કાનુની જોગવાઈ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા હોય તેમ દારૂ સાથે પકડાતા વાહનોની હરરાજી કરીને નાણાં સરકારી તિજોરીમાં જમા લઈ લેવામાં આવશે.આ કેસોમાં આખરી અદાલતી આદેશ પૂર્વે જ આ પ્રકારની કાર્યવાહી શકય બને તે માટે તુર્તમાં વટહુકમ બહાર પાડવાની તૈયારી કરવામાં આવી છે.

દારૂબંધી કાયદામાં સુધારાને મુસદો વિધાનસભાનાં બજેટ સત્ર દરમ્યાન સરકારે તૈયાર કરી જ લીધો હતો પરંતુ તે બજેટ સત્રમાં રજુ થઈ શકતો નથી. રાજય સરકારનાં માહીતગાર સુત્રોએ જણાવ્યું છે કે વિધાનસભા સચીવાલયને અગાઉ સોંપાયેલા મુસદામાં થોડા મામુલી ફેરફારો કરવામાં આવે તેવી શકયતા છે. દારૂબંધી કાયદામાં સૂચિત સુધારા વટહુકમ સ્વરૂપે જાહેર કરવામાં આવી શકે છે. લોકસભા ચૂંટણીની આચાર સંહીતા પૂર્ણ થયા બાદ તુર્ત આ વટહુકમ જારી કરાશે.

હાલમાં ગુજરાત નશાબંધી કાયદા ૧૯૪૯ ની વર્તમાન જોગવાઈ પ્રમાણે અફીણના ડોડવાથી માંડીને નશાયુકત ચીજો લઈ જતાં વાહનો પકડાય તો અદાલતનાં અંતિમ ચૂકારા સુધી તે છોડી શકાતા નથી.

આ જોગવાઈને કારણે કોર્ટનાં ચુકાદા સુધી વાહનો માલીકને આપી શકાયા નથી. પોલીસ સ્ટેશન કે કોર્ટ કમ્પાઉન્ડમાં ખડકાયેલ રહે છે અને અદાલતી આદેશ આવતા સુધીમાં ભંગાર બની જાય છે આ સ્થિતિ નિવારવા માટે રાજય સરકારે કાયદાની પેટા કલમ ૨ માં સુધારો કરવાનો નિર્ણય લીધો છે.

## સલમાનખાન પર એક-૪૭ વડે હુમલો કરવાનું ષડયંત્ર નિષ્ફળ : ચાર શૂટરોની ધરપકડ

મુંબઈ : બોલીવુડ અભિનેતા સલમાન ખાન પર હુમલાનું કાવતરું ઘડનાર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ચાર શૂટરોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ચારેય પર પાકિસ્તાનથી AK47 મેળવવાનો આરોપ છે, જેની મદદથી તેઓ પનવેલમાં સલમાન ખાન પર હુમલો કરીને તેની હત્યા કરવાની યોજના બનાવી રહ્યા હતા.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન શૂટરોએ અજય કશ્યપ નામના વ્યક્તિ વિશે જણાવ્યું છે, જે પાકિસ્તાનમાં રહેતા ડોગા નામના યુવકના સંપર્કમાં હતો. તેના દ્વારા પાકિસ્તાન પાસેથી એમ-૧૬, એકે-૪૭ અને એકે-૯૨ ખરીદવાની યોજના હતી. આ ચારેયએ સલમાન ખાનના ફાર્મ હાઉસ અને શૂટિંગ સ્થળની રેકી પણ કરી હતી. શૂટરોને નવી મુંબઈ પોલીસે ઝડપી લીધા છે.

**મકાન વેચવાનું છે**

જૂનાગઢમાં ક્રીમ એરીયામાં, માલીવાડા વિસ્તારમાં સલાટવાડામાં, સોની ફળીયામાં ત્રણ માળનું, ૭ રૂમ વાળુ ત્રણ માળનું નવું મકાન સારી કન્ડીશનમાં, પહેલી નજરમાં ગમી જાય તેવું, વ્યાજબી ભાવમાં આપવાનું છે.

સંપર્ક : મો. ૯૬૩૮૯ ૭૪૮૮૬

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::

સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ


કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૪) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.


દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો
મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# માણાવદર પાલીકાનાં લાખો રૂપિયાનાં અગ્નિશામક વાહનો બે વર્ષથી બંધ !





(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા. ૧

માણાવદર પાલીકામાં છેલ્લા બબ્બે વર્ષથી ફાયર ફાઈટર વાહનો કોના પાપે બંધ છે ? તે યક્ષ પ્રશ્ન ઉદભવ્યો છે. માણાવદર શહેરમાં કાલા કપાસ જેવા વિસ્ફોટક કહી શકાય તેવા ઝડપથી આગ લાગે તેવા અને કિંમતી ગણી શકાય તેવા જીનીંગ ઉદ્યોગ મુખ્ય વ્યવસાય છે. ત્યારે બબ્બે ફાયર ફાઈટર તથા એક બુલેટ અગ્નિશામક તરીકે પાલીકાને સરકાર તરફથી મળેલ તે કોના પાપે ધુળ ખાઈ રહયા છે ? તે ઉચ્ચકક્ષાની તપાસનો વિષય છે. બીજી બાજુ જીઈબી પાછળ ઉભા થયેલા એપાર્ટમેન્ટ ઉંચા બાંધી દીધા છે તેની મંજુરી છે કે કેમ ? તાજેતરમાં રાજકોટનાં બનેલા બનાવથી શહેરમાં પણ ઉંચી બિલ્ડીંગો રહેનારાના પેટમાં ફાળ પડી છે કે આગ લાગે તો શું થાય ? તેવું આમ જનતામાં માં ચર્ચાઈ રહયું છે.

# તાપમાનનો પારો ફરી ૧.૬ ડિગ્રી ચડયો, ૩૯.૬ ડિગ્રી નોંધાયું : બફારાથી લોકો પરેશાન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧


વાતાવરણમાં આવેલા બદલાવની સાથે પારો ફરી ૧.૬ ડિગ્રી વધતા મહતમ તાપમાન વધી ૩૯.૬ ડિગ્રી નોંધાયું હતું અને ગરમી વધવાની સાથે ભેજને લીધે બફારો પણ થતા લોકો પરેશાન થઈ ગયા હતા.

ગુરૂવારે જૂનાગઢ શહેરનું મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી રહ્યા બાદ રાત્રિનું તાપમાન ૩૦ ડિગ્રી નોંધાયું હતું. રાતભર ગરમી રહ્યા બાદ શુક્રવારની સવારે લઘુતમ તાપમાનનો પારો ૨૭.૯ ડિગ્રીએ સ્થિર થવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૮૦ ટકાએ પહોંચી ગયું હતું જેના પરિણામે સવારથી બફારોનું સામ્રાજ્ય છવાઈ ગયું હતું.

અને શુક્રવારનું મહતમ તાપમાન ૩૮ ડિગ્રી રહ્યા પછી ૨૪ કલાકમાં એટલે કે શનિવારે તાપમાન ૧.૬ ડિગ્રી વધીને ૩૯.૬ નોંધાતા ફરી ગરમીનું મોજુ ફરી વળ્યુ હતું અને ગરમીથી રાહત હવામાં ઓગળી ગઈ હતી. ગરમીની સાથે બપોરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૪ ટકા રહ્યું હતું જેના પરિણામે બફારાએ લોકોને અકળાવી દીધા હતા.

# દ્વારકામાં હોટલો, ગેસ્ટહાઉસ અને ખાનગી હોસ્પિટલમાં તંત્ર દ્વારા ફાયર સેફટી મુદે ચેકિંગ હાથ ધરાયું

**ફાયર સેફટી અંગે બેદરકારી દાખવાર ૮૦ જેટલા લોકોને માત્ર નોટીસો ફટકારી કામ કર્યાનો સંતોષ માનતું તંત્ર**

(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૧

રાજકોટના ટીઆરપી ગેમઝોનમાં અગ્નિકાંડની દુર્ઘટના બન્યા બાદ રાજ્ય સરકારના આદેશ બાદ તંત્ર સફાળુ જાગ્યું છે. સમગ્ર ગુજરાતમાં ફાયર સેફટી સહિતના મુદ્દે ચકાસણી હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે ગઈકાલે દેવભૂમિ દ્વારકા નગરપાલિકાનું તંત્ર પણ આળસ ખંખેરી શહેરમાં હોટલો, રેસ્ટોરન્ટો તેમજ હોસ્પિટલમાં ફાયર સેફટી મુદે ચકાસણી હાથ ધરી હતી.

દ્વારકા નગરપાલિકાના ચીફ ઓફિસરની રાહબરી હેઠળ ફાયર વિભાગ દ્વારા શહેરમાં આવેલ હોટલો, રેસ્ટોરન્ટો તેમજ ખાનગી હોસ્પિટલોમાં ફાયર સેફટીની તપાસણી કરવામાં આવી હતી. શહેરમાં આવેલ પુષ્પક હોટલ, હોટલ ગિરિરાજ, બાલાજી ભવન, ક્રિષ્ના રેસ્ટોરન્ટ, દ્રારાવતી રેસ્ટોરન્ટ, મહેમાન રેસ્ટોરન્ટ ઉપરાંત ખાનગી હોસ્પટલો સહિત આશરે ૧૦૦ જેટલા સ્થળો પર ફાયર સેફટી મુદે ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ઘણી જગ્યાએ ક્ષતિઓ સામે આવી હતી. તેમ છતાં ૮૦ જેટલા સંચાલકોને માત્ર નોટિસ આપી કામગીરી કર્યાનો સંતોષ અનુભવ્યો છે. ક્ષતિ હોવા છતાં એકપણ હોટલ કે રેસ્ટોરન્ટ સંચાલકને નથી દંડ કરવામાં આવ્યો કે નથી સીલ મારવામાં આવ્યું. જો કે, આ કામગીરી દરમ્યાન તંત્ર દ્વારા વહાલા દવલાની નીતિ અખત્યાર કરાતી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહયું છે.

સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતભરમાં ફાયર સેફટી અંગેની કાર્યવાહીમાં જો ક્ષતિ દેખાય તો, દંડ ફટકારવામાં આવે છે તેમજ સીલ પણ મારવામાં આવે છે. ત્યારે દ્વારકામાં તંત્ર દ્વારા કંઈક અલગ જ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી હોવાનું લોકમુખે ચર્ચાય છે. આ કાર્યવાહી હજુ પણ ચાલુ રહેશે તેમ દ્વારકા નગરપાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું છે. જાણવા મળતી માહિતી મુજબ દ્વારકા શહેરમાં સેંકડો હોટલો, ગેસ્ટ હાઉસો, રેસ્ટોરન્ટો આવેલા છે. જેમાં મોટાભાગના લોકો માટે ગેરકાયદેસર રીતે લાયસન્સ મેળવ્યા હોવાની ચર્ચાએ પણ જોર પકડયું છે.

# જૂનાગઢમાં સર્વરોગ નિદાન અને બ્લડ ડોનેશન કેમ્પ યોજી જન્મદિવસની કરી ઉજવણી






(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧

જૂનાગઢ પરશુરામ ફાઉન્ડેશન ટ્રસ્ટના ટ્રસ્ટી અને શ્રીગોડ બ્રહ્મ સમાજના પ્રમુખ શૈલેષભાઈ દવેના જન્મદિવસ પ્રસંગે સર્વરોગ નિદાન કેમ્પ તથા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને નિદાન તથા બ્લડ ડોનેશન કેમ્પમાં સહભાગી થયા હતા. આમ અનોખી રીતે પોતાના જન્મદિવસની ઉજવણી કરી હતી અને તેમાં શહેરના અગ્રણી તથા બ્રહ્મ સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું ઉદઘાટન સંતો સુયોગ સ્વામી અને સનાતન સ્વામી તેમજ શહેરના અગ્રણી તથા બ્રહ્મ સમાજના ભાઈઓ અને બહેનો યોગીભાઈ પઢીયાર, નરસિંહ મહેતા યુનિવર્સિટીના ડોક્ટર ચેતનભાઈ ત્રિવેદી, બાર એસોસિએશનના પ્રમુખ જયદેવભાઈ જોશી, કે.ડી. પંડ્યા, હસુભાઈ જોશી, બટુક બાપુ, શૈલેષ પંડ્યા, મનોજભાઈ જોષી, પ્રફુલભાઈ ત્રિવેદી, પ્રફુલભાઈ જોષી, પલવીબેન ઠાકર વગેરેએ કરેલ હતું. ફ્રી સેવા દેનાર દરેક ડોક્ટર શૈલેષ બારમેડા, ડોક્ટર વિપુલ માકડીયા, ડોક્ટર કૌશિક ફળદુ, ડોક્ટર કિશન પરસાણીયા, ડોક્ટર આકાશ પરોડીયા, ડોક્ટર જયદીપ ટીલાળા વગેરે ડોક્ટરનું સન્માન કરવામાં આવેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા પાંખના ચિરાગ જોશી અને તેની ટીમ તેમજ મહિલા પાંખના પ્રમુખ માલતીબેન મહેતા, ગાયત્રીબેન જાની, સીતાબેન દવે , હેમાગીબેન, જ્યોતિબેન મેહતા, શોભનાબેન ભટ્ટ, દિવ્યાબેન જોષી, કુસુમબેન મેહતા તેમજ તેની ટીમ દ્વારા ભારે જેહમત ઉઠાવેલ હતી.

# માલણકા હનુમાન મંદિરના મહંત તરીકે ચાદર વિધિ કરાઈ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧

મેંદરડા તાલુકાના માલણકા ગામે આવેલ ખાખી હનુમાન મંદિરના મહંતશ્રી અવધબિહારી દાસ બાપુ બ્રમ્હાલિન થતાં બાપુના ભંડારા કરીને ત્યાંના નવા મહંત તરીકે તારીખ ૩૦-૫-૨૦૨૪ ને ગુરૂવારના રોજ મહંત શ્રી બુદ્ધ દેવદાસજી અને કોઠારી શ્રી રામ કરણ દાસજી ગુરૂ શ્રી રામદાસજી તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ તકે મેંદરડાના ખાખી મઢીના મહંત શ્રી સુખરામદાસ બાપુ તેમજ મહંત રામચરણ દાસબાપુ તેમજ સાધુ-સંતો-મહંતો અને જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુંમર, રાજકોટથી જીતુભાઈ પટેલ તેમજ ખોખી હનુમાન મંદિરના સેવકગણ તેમજ મેંદરડાના નીડર અને બાહોશ પીએસઆઈ એસ.એન. સોનારાના ચુસ્ત બંદોબસ્ત સાથે ચાદર વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

# એસટીનાં કર્મચારીઓનો વિદાય સમારંભ યોજાયો




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧

જેતપુર એસટી ડેપોમાં ફરજ બજાવતા ગભરૂભાઈ ખુમાણ, પુનાભાઈ કોડીયાતર, નવિનચંદ્રભાઈ વય મર્યાદાના કારણે નિવૃત થતા તેમનો વિદાય કાર્યક્રમ જેતપુર એસટી વર્કશોપ ખાતે જેતપુર ઈન્ચાર્જ ડેપો મેનેજર વાલાણી તથા કર્મચારી મંડળના પ્રમુખ ગભરૂભાઈ લાલુના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો અને વિદાય લેતા કર્મચારીઓને ફુલહાર, સાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવ્યા હતા. નિવૃતિમય જીવન સુખમય શાંતિમય અને નિરોગી રહે એવી શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

## સરગવાડામાં જુગાર દરોડો : ૪ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧

સરગવાડામાં પોલીસે જુગાર દરોડા પાડતા સરગવાડા ગામે ગૌશાળા પાસે રહેતા નાથાભાઈ જુસબભાઈ નોઈડા મકાન પાસેથી તાલુકા પોલીસે નાથા જુસબ ઉપરાંત ઈશાક જુસબભાઈ નોઈડા, જુમા હાસમભાઈ સમા અને હસન હુસેનભાઈ નોઈડા સહિત ૪ શખ્સને રૂપિયા ૪,૦૩૦ની રોકડ રકમ સાથે ઝડપી પાડેલ છે.

## અવસાન નોંધ

જૂનાગઢ : નલીનકુમાર ભવાનીશંકર ઓઝા(ઉ.વ.૭૭) તે સ્વર્ગસ્થ ભવાનીશંકર રૂગનાથ ઓઝા તથા સ્વ. શાન્તાબેનનાં પુત્ર અને સરલાબેનનાં પતિ, રોહિતભાઈ, વિજયભાઈ, પ્રજ્ઞેશભાઈના મોટાભાઈ, મૌલિક, નિધિદા, ઉદિતા, પ્રણવ, યેશા, દિવ્યાંગનાં બાપુજી તેમજ સ્વ.હરિલાલ જીવાભાઈ દવે(રંગપુરનાં જમાઈ) કનુભાઈ, ભરતભાઈ, વિજયભાઈનાં બનેવી તા.૩૧-૦૫-૨૪નાં રોજ અક્ષરવાસી થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા.૪-૬-૨૪ને મંગળવારના બપોરે ૪ થી ૬ શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ વાડી, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

જૂનાગઢ : સોરઠીય શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ મૂળ મોટા કાજલીયાળા વાળા હાલ જૂનાગઢ સુભાષચંદ્ર ભાઈશંકર ભટ્ટ(ઉ.વ.૭૨) તે ભાઈશંકર મૂળજી ભટ્ટના પુત્ર, નિરંજના બેનના પતિ, સંદીપ, મિલાપ, રાજીવના પિતાશ્રી, દિનેશચંદ્ર હરિલાલ ભટ્ટ, અજીત કુમાર ભટ્ટના પિતરાઈ ભાઈ, સ્વ.ચંદુલાલ મહાશંકર પુરોહિત(બગસરા)ના જમાઈ, સ્વ.પોપટલાલ, સ્વ.છેલશંકર અને જન્મશંકર નારણજી પંડ્યાના ભાણેજનું તા.૩૦ને ગુરૂવારે અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા મોસાળ પક્ષની સાદડી તા.૩ જૂનને સોમવારે સાંજે ૫ થી ૬, સહકાર ભવન, નાગરિક બેંક સોસાયટી, મધુરમ, જૂનાગઢ ખાતે રાખેલ છે.


દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

**પ્લોટ વેચાવ છે**
૨૧૨ વાર જગ્યા કોર્નરનો
પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
:: કોન્ટેક ::
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

**દુકાન વેચાવ છે**
જૂનાગઢમાં માંગનાથ રોડ, દાનીરાયજીની હવેલીની સામેની ગલીમાં ગ્રાઉન્ડ ફલોર ૧૬૦ સ્કે.ફૂટ દુકાન આગળ ૩૦ ફૂટની જગ્યા
:: કોન્ટેક ::
મો. ૯૨૨૮૪ ૦૯૭૩૮


**બ્રિલીયન્ટ એજ્યુકેશન**
Admission Open
ધોરણ ૧ થી ૮
અંગ્રેજી તથા ગુજરાતી મીડીયમ
ટીચર : અમરીન ખાન (M.B.A.)
સંપર્ક :- ૯૯૭૮૬ ૯૨૦૮૭
મટીયાના હાઉસ સામે, કુવાવાળી ગલી, જૂનાગઢ

**બે માળનું ટેનામેન્ટ વેચવાનું છે**
૮૬ વારનું, જેનેબ પેલેસ, આદિત્ય માર્કેટ પાસે, અર્જુન એપાર્ટમેન્ટ વાળી ગલીમાં, નંદનવનરોડ, જોષીપરા, જૂનાગઢ
: સંપર્ક :
મો. ૮૧૨૮૨ ૧૩૯૦૭
૭૦૧૬૬ ૭૫૦૯૭

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોન: ૨૬૫૨૬૧૨

**શોરૂમ લાયક દુકાન વેંચવાની છે**
પંચહાટડી-માંગનાથ રોડ ઉપર ફસ્ટ ફલોર, રોડ સાઈડ (મોરો ૩૦ ફુટ) ૧૦૦૦ સ્કેવર ફુટ દુકાન જવેલરી, રેડીમેન્ટ, સાડી તથા દરેક ધંધાને ઉપયોગી શોરૂમ લાયક દુકાન વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

**આઈસ્ક્રીમ**
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
ચૈત્રી નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી
**વિજય ઘીં ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

## ધર્મ અને આધ્યાત્મ નગરી જૂનાગઢમાં

# સંતશ્રી મુક્તાનંદબાપુની ૬૬માં જન્મજયંતી ઉપલક્ષ્યમાં અતુલ્ય પુસ્તક તુલા કાર્યક્રમ યોજાયો

### સારા પુસ્તક જ્ઞાનપિપાસા, વાચન, તૃપ્તિનું પરબ બને છે,પુસ્તક બધાને એક સરખી રીતે આવકારે છે.પુસ્તકો જીંદગીનું ઘડતર કરે, જીવનને શ્રેષ્ઠ દિશા આપી શકે, જિંદગીને જોવાની, સમજવાની અને અનુભવવાની શક્તિ આપે છે






જૂનાગઢ, તા.૧

ધર્મ અને અધ્યાત્મનગરી જૂનાગઢમાં સંત મુકતનંદબાપુની જન્મ જયંતી ઉજવણી ઉપલક્ષ્યે પ્રેમાનંદ શૈક્ષણિક સંકુલનાં પટાંગણમાં અતુલ્ય પુસ્તક તુલાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વાંચન વલોણુ ટીમનાં મિત્રોએ જૂનાગઢનાં નગરજનો પાસે વંચાયા બાદ ઘરમાં જમાં સારા પુસ્તકો વાંચનવલોણુ ટીમને સુપ્રત કરવા અપીલ કરી હતી.જેનાં પ્રતિસાદ સ્વરૂપ ૧૫૦ જેટલા પુસ્તક વાંચન પ્રેમીઓએ તેમનાં શ્રેષ્ઠ કલેકશનને જૂનાગઢનાં નગરજનોને વાંચી શકે તે હેતુ આપ્યા હતા. જ્યારે વાંચન પ્રેમી અગ્રણીઓએ વાંચન વલોણુ ટીમને રોકડ નીધિ અર્પણ કરી સારા પુસ્તકો અરીદવા સહયોગ રાશીનું યોગદાન જોડ્યુ હતુ. કાર્યક્રમને ઉપસ્થિત સંતગણ મુકતાનંદજી મહારાજ, નિજસ્વરૂપનંદ, ગણેશાનંદજી, સાધનાનંદગીરીજી સહિત મહાનુભવોએ દિપ પ્રાગટ્યથી કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. કાર્યક્રમનાં અધ્યક્ષ મુક્તનંદજી બાપુએ ઉપસ્થિત જૂનાગઢનાં પ્રબુધ્ધ નગરજનોને સંબોધતા પોતાની જીવનઝરમરને યાદ કરી પુસ્તકોની મહત્તા સમજાવતા ણાવ્યુ હતુ કે પુસ્તકોમાંનો પ્રત્યેક અક્ષર તેજ કિરણ અને પ્રત્યેક શબ્દ સાક્ષાત કિરણપૂંજ હોય છે.અને એટલે જ પુસ્તકોમાં સચવાયેલી દિવ્યતા આપણા હૃદયને પણ દિવ્યતા બક્ષે છે આથી પવિત્રતા એ તો પુસ્તકનો સાહજિક સ્વભાવ છે. પુસ્તક એ તો એક પેઢીથી અન્ય પેઢી, એક દેશથી અન્ય દેશ તથા એક સમાજથી અન્ય સમાજ અને એક સંસ્કૃત્તિથી અન્ય સંસ્કૃત્તિ વચ્ચેનું સબળ અને વફાદાર સંચાર માધ્યમ છે.

આ પ્રસંગે પુસ્તક તુલાનાં સાક્ષીભાવે ઉપસ્થિત ભક્તકવિ નરસિંહમહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો) ચેતન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે સારા પુસ્તક જ્ઞાનપિપાસા, વાચન, જ્ઞાનતૃપ્તિનું પરબ બને છે,પુસ્તક બધાને એક સરખી રીતે આવકારે છે.પુસ્તકો જિંદગીનું ઘડતર કરે, જીવનને શ્રેષ્ઠ દિશા આપી શકે, જિંદગીને જોવાની, સમજવાની અને અનુભવવાની શક્તિ આપે છે પુસ્તક ખૂબ ઉંચી વિશ્વસનિયતા અને પ્રમાણભૂતતા ધરાવે છે.પુસ્તકો હંમેશા સારી અને સાચી વાતો ,હકારાત્મક બાબતો, પ્રણાલિકાઓ, વિશિષ્ટ ગુણો અને વલણો તથા સદગુણોનું આહ્વાન કરતા હોય છે.

આ પ્રસંગે ઉપસ્થિત જૂનાગઢનાં પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાએ પોતાનાં જીવનમાં એક પુસ્તક કેવો બદલાવ લાવી શકે તેનાં સ્મરણોને ટાંકીને જણાવ્યુ હતુ કે પુસ્તક તો એક સારા મિત્રની ગરજ સારે છે. પુસ્તકનું મહત્વ દુનિયાની દરેક ભાષામાં અને સંસ્કૃતિમાં વર્ણવવામાં આવ્યું છે. જ્યારે તમે કંટાળી જાવ ત્યારે જો તમે પુસ્તક હાથમાં લેશો તો તમને જીવનમાં રસ, કુતૂહલ અને નવજીવન પ્રાપ્ત થશે. જીવનની વિવિધ સમસ્યાઓ કેવી રીતે ઉકેલી શકાય છે એ વિશેનું અનુભવામૃત આપણે વાચન દ્વારા પામીએ છીએપ સરસ પુસ્તકો વસાવતાં રહેવું અને વાંચતા રહેવું જાણિતા શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડે પુસ્તકની ઉપયોગીતા સમજાવતા જણાવ્યુ હતુ કે પુસ્તક સરળ ભાષામાં લખાયેલ હોય તે ગ્રામિણ અને અલ્પશિક્ષીત વ્યક્તી સમજી શકે છે. પોતાનાં ઘરે આવતા અતિથીને આતિથ્ય સત્કાર બાદ તેમનાં રસ રૂચિ જાણી ગિજુભાઈ પુસ્તક ભેટ સ્વરૂપે આપે છે.ગીજુભાઈએ જણાવ્યુ હતુ કે નિરક્ષરતા અને અજ્ઞાનતા અભિશાપ છે, અંધકાર છે, તો આ શાપ અને અંધકારમાંથી નિકળવા માટેની ટોર્ચ છે પુસ્તકો. લેખન અને વાચનની સાથે જ માનવજીવન અને સંસ્કૃતિની સુધારણાનાં દ્વાર ખુલી ગયા. જેમ જેમ માણસ લેખન અને વાચન કરતો ગયો તેમ તેમ નવા નવા વિચારો એના મગજમાં ઉધલાવવા લાગ્યા. માનવજીવનના વિકાસમાં આ રીતે પુસ્તકોનો ફાળો અમૂલ્ય ગણી શકાય.

આ તકે નિજ સ્વરૂપનંદજી સ્વામીએ પુસ્તકથી જીવનમાં કેવા બદલાવ આવી શકે તેનાં સ્વાનુભવો રજુ કરી જણાવ્યુ હતુ કે અમુક પુસ્તકો ચાખવા માટે હોય છે, અમુક પુસ્તકો ગળી જવા માટે છે, પરંતુ અમુક જ પુસ્તકો ચાવવા અને પચાવવા માટે હોય છે, વાંચન વલોણુ ટીમનાં માતંગભાઈએ શાબ્દીક સ્વાગત કરી અતુલ્ય પુસ્તક તુલામાં ઉપસ્થિત મહાનુભાવો અને વાંચનપ્રેમની નગરજનોને આવકાર્યા હતા. આ તકે લાભશંકરભાઈ જોષી, વિરેન્દ્રભાઈ ભટ્ટે વાંચન વલોણુ વિષય સંલગ્ન કાર્યની રૂપરેખા રજુ કરી પુસ્તકોનું વાંચનપ્રેમી વ્યક્તિઓ સુધી કેવી રીતે વહન કરી શકાય તેની વ્યવસ્થાની વાત કરી કલાપીની સુભાષિત રજુ કરી જણાવ્યુ કે મનની શાંતિ માટે હું ચારે ય દિશામાં ફરી વળ્યો પરંતુ કોઈ એક ખૂણામાં બેસીને સારું પુસ્તક વાંચવામાં જે વિશ્રાંતિ મળી તે ક્યાંય ના મળી. આંખ સામે રહેલી વસ્તુનું જ્ઞાન મેળવવા માટે પણ પુસ્તકો વાંચવાં પડે છે. મા–બાપ સ્નેહ અને ઉલ્લાસ આપે છે પણ પુસ્તકો ખોલીએ ત્યારે માલૂમ પડે છે કે આપણને પાંખો ફૂટી છે. ઔષધિ શરીરના રોગને મટાડે છે તો પુસ્તકો મનના રોગોને ભગાડવામાં મદદ કરે છે જે માનવસમાજોની મુલાકાત આપણે કદી લેવાના નથી તેમને સમજવાની શ્રેષ્ઠ ચાવી પણ પુસ્તકો છે.

આ તકે જૂનાગઢનાં મેયર ગિતાબેન પરમાર, જીતુભાઈ ભીંડી, ભીખાભાઈ જોષી, મનસુખભાઈ વાજા, ચુનિભાઈ હીરપરા, અમુભાઈ પાનસુરીયા સમન્વય ગ્રુપનાં હારૂનભાઈ, પુર્વ મેયર આદ્યાશક્તિબેન મજમુદાર, કૃષ્ણકાંતભાઈ, પલ્લવીબેન જોષી, આરતિબેન જોષી,કે.ડી.પંડ્યા, જી.પી.કાઠી, જૂનાગઢનાં વિવિધ મહિલા મંડળનાં અગ્રણી બહેનો, સ્વયંસેવી સંસ્થાનાં સેવારથીઓ, શૈક્ષણિક સંસ્થાનાં તથા, સમાજસેવી સંસ્થાનાં અગ્રણી સહિત વાંચનપ્રેમી પ્રબુધ્ધ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ મેસીયાએ સંભાળ્યું હતું.

# અનેક અગ્રગણ્ય બ્રાન્ડ્સના ઘડતરમાં મહત્વપૂર્ણ પ્રદાન સાથે ‘એડમિરેકલ’ની વિજ્ઞાપન ક્ષેત્રે યશસ્વી સફર

### રાજકોટમાં એડવર્ટાઈઝીંગ ક્ષેત્રમાં પાયોનિયર્સની સુચિમાં મોખરાનું સ્થાન ધરાવનાર ‘એડમિરેકલ’ નો ૧લી જૂનના રોજ ૪૨માં વર્ષમાં મંગલમય ભવ્ય પ્રવેશ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧

રાજકોટમાં એડવર્ટાઈઝીંગ ક્ષેત્રે પાયાની ભૂમિકા ભજવનાર એડ એજન્સીઓની સૂચિમાં ’એડમિરેકલ’ ની ગણના મોખરાની બ્રાન્ડીંગ એન્ડ કોમ્યુનિકેશન એજન્સીઓમાં છે તે એક નિર્વિવાદ સત્ય છે. અર્થતંત્રની ગુડ હેલ્થ માટે અનેક સેવાઓનું ચાવીરૂપ યોગદાન હોય છે. એડવર્ટાઈઝીંગ, મેન્યુફેક્ચરર્સ કે સર્વિસીસને તેની પ્રોડક્ટ્સ તથા સેવાઓની તેના સંભવિત ગ્રાહકો સુધી તેમની ગુણવત્તા અને વિશેષતાઓની પ્રભાવી રજૂઆત તથા યોગ્ય મીડીયા દ્વારા પહોંચાડીને માર્કેટને વેગવંતુ રાખે છે જે તેની ખૂબ જ મહત્વની કામગીરી ગણી શકાય.

આજના ડીજીટલ માર્કેટીંગના યુગમાં બ્રાન્ડ્સની ગ્લોબલ પ્રેઝન્સની જરૂરીયાતને ધ્યાનમાં લઈને એડમિરેકલ ગોરીલા માર્કેટીંગ, ન્યુરો માર્કેટીંગ વગરેના મોડર્ન ટ્રેન્ડ્સને અપનાવી પોતાની આગવી ક્રીએટીવીટી, સચોટ મીડીયા પ્લાનિંગ તેમજ માર્કેટ ઓરીયેન્ટેશન વડે કોર્પોરેટ આઈડેન્ટીટીનુ ડેવલપમેન્ટ કરી એક્સપર્ટ સોલ્યુશન્સ પુરા પાડી રહેલ છે. એડવર્ટાઈઝીંગના અનેક પ્રકારો જેમ કે હાર્ડ-સેલ એડવર્ટાઈઝીંગ, સોફ્ટ-સેલ એડવર્ટાઈઝીંગ, રિમાઈન્ડર એડવર્ટાઈઝીંગ, પ્રેસ્ટિજ એડવર્ટાઈઝીંગ, હ્યુમર એડવર્ટાઈઝીંગ વગેરેનુ સચોટ સંયોજન કરી, ટારગેટ ઓડીયન્સને ધ્યાનમાં રાખીને પોતાના નિષ્ણાત જ્ઞાન અને અનુભવના આધારે સૌરાષ્ટ્રની અગ્રગણ્ય બ્રાન્ડ્સના ઘડતરમાં એડમિરેકલે ચાવીરૂપ ભૂમિકા નિભાવી છે. ઔદ્યોગિક ક્ષેત્રે, શૈક્ષણિક ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે, મીડીયા જગતમાં એડમિરેકલની પ્રોફેશનલ ક્લાયન્ટ સર્વિસીસ થકી અનેક કંપનીઓ, સંસ્થાઓ, પ્રોફેશનલ્સ તથા માધ્યમો પોતપોતાના ક્ષેત્રોમાં વિશેષ સ્થાન સ્થાપિત કરી એમની સાઉન્ડ ઈમેજ બનાવી શક્યા છે, જેમાં એડમિરેકલનું જવલંત પ્રદાન રહ્યું છે.

આજથી ચાર દાયકા પહેલા ૧૯૮૩ની ૧લી જૂને સૌરાષ્ટ્રની રાજધાની ગણાતા રાજકોટ શહેરમાં ’એડમિરેકલ’ એડવર્ટાઈઝીંગ એજન્સીનો શુભારંભ થયો હતો. એ સમયે આ ક્ષેત્રે અમદાવાદ જેવા મેટ્રો સીટીમાં વધારે તકો હતી, પરંતુ સૌરાષ્ટ્રમાં કોઈ નોંધપાત્ર કામગીરી થઈ રહી નહોતી. તેથી રાજકોટમાં ‘એડમિરેકલ’ ની સ્થાપનાનો સાહસિક નિર્ણય લેવાયો. પછીથી તેની સફળતાની યશોગાથાનું સૌરાષ્ટ્રનું વ્યાપાર અને ઔદ્યોગિક જગત સાક્ષી છે. પ્રારંભમાં જ પ્રતિષ્ઠીત આઈ.એન.એસ. અને એ.બી.સી. નું સભ્યપદ પ્રાપ્ત કરીને એડમિરેકલે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાપનો પ્રસિદ્ધ કરવાની યોગ્યતા મેળવી લીધી હતી. સાથે સાથે સામાજીક સંબંધો જાળવી રાખીને અનેક પ્રતિષ્ઠીત એવોર્ડ્સ પણ મેળવ્યા.

એડમિરેકલે કલાયન્ટને સંપૂર્ણ સેવાઓ આપવાની કાર્યપધ્ધતિ આજ સુધી જાળવી રાખી છે. આધુનિક ટ્રેન્ડ સાથે તાલ મિલાવીને એડમિરેકલ પોતાની ૩૬૦ ડિગ્રી બ્રાન્ડીંગ સર્વિસ પુરી પાડી રહેલ છે. વિચારશીલ અભિગમ સાથે લાંબાગાળાના ધ્યેયો પર નજર રાખીને એડમિરેકલે અભ્યાસયુક્ત અને સંશોધનપૂર્ણ કામગીરી કરતી બ્રાન્ડીંગ અને કોમ્યુનિકેશન એજન્સી તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને તે આજ દિન સુધી જાળવી રાખી છે. આજે જયારે ડિજીટલ મીડીયાનો વ્યાપ અને પ્રભાવ ઘણો વધ્યો છે ત્યારે એડમિરેકલ સોશિયલ મીડીયા દ્વારા જનજાગૃતિ વધારવા માટે સર્જનાત્મક સામાજીક જવાબદારી નિભાવી રહેલ છે. તે વૈશ્વિક મુદ્દાઓ પર લોકોને પહેલ કરવા હમેશા અપીલ કરે છે અને બદલાવ લાવવા માટે પ્રેરીત કરે છે, તથા પોતાનો મેસેજ સર્જનાત્મક રીતે આપીને એક ચોક્કસ પ્રભાવ છોડે છે. નવી પેઢીના પ્રતિભાસંપન્ન યુવક-યુવતીઓ જે આ ક્ષેત્રમાં કારકિર્દિ બનાવવા આતુર હોય તેમને ઈન્ટર્નશીપની તક આપીને તેમના જ્ઞાન અને અનુભવમાં વધારો કરવા એડમિરેકલ હમેશા તેઓને આવકારે છે અને તેઓને પ્રોત્સાહિત કરે છે.

આમ, વિજ્ઞાપન ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, કૃષિ ક્ષેત્રે તથા શિક્ષણ ક્ષેત્રે પોતાનું અર્થસભર તથા સમયસર યોગદાન આપતા રહીને એડમિરેકલે ૪૧ વર્ષથી આંતરિક સુઝ અને આધુનિક અભિગમભર્યા સબળ કર્તૃત્વ હેઠળ એક જવાબદાર વિજ્ઞાપન એજન્સી તરીકે વિશિષ્ઠ ઈમેજ ઉભી કરી છે અને સફળતાના ઉચ્ચ શિખરો સર કર્યા છે, આશા તથા વિશ્વાસ છે કે તેની આ સફર આવનાર વર્ષોમાં પણ નવી ઉંચાઈઓ મેળવતી રહેશે.

## ખંભાળિયા લાયન્સ ક્લબ દ્વારા રવિવારે ડાયાબિટીસ તથા વાળના રોગોના નિદાન, સારવાર કેમ્પનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ ક્લબના ઉપક્રમે આગામી રવિવાર તારીખ ૨ ના રોજ અહીંના જલારામ મંદિર ખાતે સવારે ૯:૩૦ વાગ્યાથી શ્રીમતી ઉર્મિલાબેન મુકુંદરાય સામાણી વિગેરેના આર્થિક સહયોગથી ડાયાબિટીસ તથા બ્લડ પ્રેશર નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સાથે લાયન્સ ક્લબ તથા આયુષ્યમાન હોસ્પિટલ - રાજકોટના સંયુક્ત ઉપક્રમે વાળ અંગેના વિવિધ રોગના નિદાન તથા સારવાર માટેના કેમ્પનું પણ વિનામૂલ્યે આયોજન કરવામાં આવ્યું છે. ડાયાબિટીસ, બ્લડ પ્રેશર કેમ્પ તથા વાળના કેમ્પનો લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના લોકોને લાયન્સ ક્લબના પ્રમુખ નિમિષાબેન નકુમ, પ્રોજેક્ટ ચેરમેન તથા તેમની ટીમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ખંભાળિયામાં આંતરરાષ્ટ્રીય માસિક સ્ત્રાવ સ્વચ્છતા દિવસની ઉજવણી કરાઇ

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧

તા. ૨૮ મે ના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય માસિક સ્ત્રાવ સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી કરવાનો મુખ્ય હેતુ મહિલાઓ અને કિશોરીઓમાં માસિક સ્ત્રાવનાં સમય દરમિયાન ક્યા પ્રકારની કાળજી રાખવી તે અંગે જાગૃતતા લાવવાનો છે. ખાસ કરીને માસિક સ્ત્રાવ અંગે લોકોમાં રહેલી ગેરસમજ, અમુક પ્રકારની રૂઢિઓ અને શિક્ષણના અભાવના કારણે મહિલાઓ સાથે આ સમય દરમિયાન કેટલાક ભેદભાવો રાખવામાં આવે છે. આ બાબતે સમાજમાં જાગૃતિ આવે તે ઉમદા આશયથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા આઈ.સી.ડી.એસ. વિભાગ, ખંભાળિયાની જનરલ હોસ્પિટલ તથા નાયરા કંપનીના પ્રોજેક્ટ તુષ્ટિની ટીમ સાથે સંકલન કરી એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં અહીંની સરકારી સિવિલ હોસ્પિટલના સ્ત્રી રોગ નિષ્ણાંત ડો. ક્રિષ્ના દ્વારા સ્ત્રીઓના માસિક ચક્ર વિશે અને માસિક સ્ત્રાવ સમય દરમિયાન વ્યક્તિગત સ્વચ્છતા અને શું શું કાળજી રાખવી? તથા પોષણયુક્ત ખોરાક વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હાજર રહેલી કિશોરીઓનાં બી.એમ.આઈ. અને હિમોગ્લોબિનની તપાસ કરવામાં આવી હતી તથા સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત ઉપસ્થિત કિશોરીઓને સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત કરાવવામાં આવી હતી અને સેન્ટરની કામગીરીથી કિશોરીઓને અવગત કરાવવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન, સખી વન સ્ટોપ સેન્ટર, પ્રોજેક્ટ તુષ્ટિ કર્મચારીઓ આઈ.સી.ડી.એસ.ના કર્મચારીઓ, અહીંની સરકારી હોસ્પિટલના ડોકટરો અને કર્મચારીઓ તથા આંગણવાડીમાં નોંધાયેલી કિશોરીઓ ઉપસ્થિત રહી હતી.

## રાજકોટ ગેમ ઝોનમાં મૃત્યુ પામેલા હતભાગીઓને ખંભાળિયાવાસીઓએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧

રાજકોટના ટી.આર.પી. ગેમ ઝોનમાં તાજેતરમાં થયેલા અગ્નિકાંડમાં ૨૮ જેટલા નિર્દોષ બાળકો વિગેરેના અકાળે નિધન થતા સર્વત્ર ભારે કરુણતાભરી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ આગમાં અવસાન પામેલા હતભાગીઓને શ્રદ્ધાસુમન અર્પણ કરવા માટે ખંભાળિયાની ધાર્મિક સેવા સંસ્થા જલારામ સત્સંગ મંડળ ટ્રસ્ટ તથા માનવ સેવા સમિતિના ઉપક્રમે અહીંના જલારામ મંદિર ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જલારામ સત્સંગ મંડળના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી, ભાવેશભાઈ વિઠલાણી, જીગ્નેશભાઈ કોટેચા, સુનિલભાઈ ગોકાણી, પ્રફુલભાઈ દાસાણી, મહેન્દ્રભાઈ કુંડલીયા સાથે માનવસેવા સમિતિના મનુભાઈ પાબારી, વિમલભાઈ સાયાણી, દિલીપભાઈ વિઠલાણી, રાકેશભાઈ પંચમતીયા, ડો. એચ.એન. પડિયા, પ્રવીણભાઈ છગ, કમલેશભાઈ રાયચુરા સહિતના નગરજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને રામધુન તેમજ પૂજન વડે પુષ્પાંજલિ અર્પણ કરી, દિવંગત આત્માઓની શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી.

## ખંભાળિયાના સલાયામાં રવિવારે બાળકો માટે વિનામૂલ્યે નિદાન કેમ્પ




(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આગામી રવિવાર તારીખ ૨ જૂનના રોજ બાળકો માટે વિના મૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સલાયામાં આવેલા હુસેની ચોક સ્થિત મદ્રેસા ખાતે રવિવારે સવારે ૯:૩૦ થી ૧ વાગ્યા સુધી યોજવામાં આવેલા આ બાળરોગ નિદાન કેમ્પમાં અહીંના જાણીતા તબીબ ડો. સુનિલ ઠક્કર તથા ડો. મિનલ ઠક્કર પોતાની સેવાઓ આપશે. બાળકોને તથા નવજાત શિશુને વિવિધ બીમારીઓના નિદાન અંગે યોજવામાં આવેલા આ કેમ્પનો લાભ લેવા સલાયા તથા આસપાસના વિસ્તારના લોકોને સેવાભાવી ડો. સુનિલ ઠક્કર તથા ડો. મિનલ ઠક્કર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ખંભાળિયાના જીઆઈડીસી વિસ્તારમાં ફોતરીના કારખાનામાં આગ ભભૂકી

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧

ખંભાળિયાના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલા એક કારખાનામાં ગતરાત્રિના સમયે એક આગ લાગવાનો બનાવ સામે આવ્યો હતો. જેને અનુલક્ષીને ફાયર ફાઈટર દ્વારા આગ પર કાબુ મેળવાયો હતો. આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થવા પામી ન હતી.

આ સમગ્ર પ્રકરણની જાણવા મળતી વિગત મુજબ ખંભાળિયાના હરસિધ્ધિનગર વિસ્તારમાં આવેલા ફોતરીના એક કારખાનામાં રાત્રિના આશરે દસેક વાગ્યાના સમયે આગના ધુમાડા જોવા મળ્યા હતા. કારખાનાના ઉપરના ભાગેથી નીકળેલા ધુમાડાના ગોટેગોટા સંદર્ભે સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી.

આના અનુસંધાને ફાયર વિભાગ જવાનો ફાયર ફાઈટર સાથે તાકીદે ઘટના સ્થળે દોડી ગયા હતા અને અવિરત રીતે પાણીનો મારો ચલાવી અને આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી.

આ બનાવ બનતા પોલીસ સ્ટાફ તેમજ પી.જી.વી.સી.એલ.ની ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને સમયસર આગ બુઝાવવાની કામગીરી હાથ ધરાતા સદભાગ્યે મોટી દુર્ઘટના ટળી હતી. રાત્રિના સમયે કારખાનું બંધ હોવાથી કોઈ મોટી જાનહાની થઈ ન હતી. શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# વિશ્વમાં દર વર્ષે ૪૩૦ મિલિયન ટન પ્લાસ્ટિક કચરો પેદા થઈ રહ્યો છે

સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (યુએનઈપી) અનુસાર જો પ્લાસ્ટિકના બેફામ ઉપયોગ પર રોક નહીં લાગે તો આગામી કેટલાક દાયકામાં લાખો પ્રજાતિઓ વિલુપ્ત થઈ જશે. યુએનઈપી અનુસાર દર મિનિટે એક ટ્રક પ્લાસ્ટિ કચરો સમુદ્રમાં ઠલવાય છે. મહાસાગરોમાં જે ઝડપથી પ્લાસ્ટિક કચરો વધી રહ્યો છે, તેનાથી પરવાળાના ખડકો, શેવાળ અને અન્ય અનેક સૂ-મ જીવો વિલુપ્ત થઈ રહ્યા છે. વિશ્વમાં દર વર્ષે ૪૩૦ મિલિયન ટન પ્લાસ્ટિક કચરો પેદા થઈ રહ્યો છે. ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનમાં પ્લાસ્ટિક કચરાની હિસ્સેદારી ૩.૪ ટકાથી વધુ છે. ૨૦૧૯માં તેનાથી ૧.૮ બિલિયન મેટ્રિક ટન ગ્રીનહાઉસ ગેસ પેદા થયો હતો. વિશ્વ આર્થિક મંચ અનુસાર દુનિયાભરમાં પેદા થયેલ પ્લાસ્ટિક ચરાના માત્ર ૧૬ ટકા રિસાયકલ થઈ શકે છે. સંયુક્ત રાષ્ટ્રની પહેલ પર પ્લાસ્ટિક પ્રદૂષણ પર રોક લગાવવા માટે આંતરરાષ્ટ્રીય સંધિને અંતિમ રૂપ આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગયા મહિને કેનેડાની રાજધાની ઓટ્ટાવામાં પ્લાસ્ટિક સંધિ મુદ્દે ચોથા દોરની મંત્રણા ભલે પરિણામવિહીન રહી, પરંતુ આશા છે કે વર્ષના અંતમાં દક્ષિણ કોરિયાના બુસાન શહેરમાં તેના અંતિમ મુસદ્દા પર મહોર લાગી જશે. ૨૦૧૫ના પેરિસ સમજૂતી બાદ પ્લાસ્ટિ સંધિ પર્યાવરણ સંરક્ષણ માટે સૌથી મહત્ત્વની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતા માનવામાં આવી રહી છે. યુએનના વિશેષજ્ઞ સમૂહે ૨૦૧૭માં પ્લાસ્ટિક પ્રદૂષણથી છૂટકારો મેળવવા માટે આંતરરાષ્ટ્રીય સંધિની ભલામણ કરી હતી.

પ્લાસ્ટિક સંધિની કેટલી જોગવાઈઓ પર વિકસિત અને વિકાસશીલ દેશો સહમત નથી. સંધિમાં તકરારનો સૌથી મોટો મુદ્દો ધરતીને ઝેરી બનાવતા પ્લાસ્ટિકના ઉત્પાદનમાં કપાત સાથે જોડાયેલો છે. એક તરફ હાઈ એમ્બિશન ગઠબંધન (એચએસી) છે, જેણે પ્લાસ્ટિ પ્રદૂષણથી છૂટકારો મેળવવામાં કચરાના નિકાલની સાથે તેના ઉત્પાદનને સીમિત કરવાની વકીલાત કરી છે. બીજી તરફ, ગ્લોબલ કોએલિશન ફોર સસ્ટેનેબલ પ્લાસ્ટિક સમૂહ છે. આ સમૂહમાં ભારત સહિત રશિયા, ઈરાન, સઉદી અરબ, ચીન, ક્યૂબા અને બેહરીન જેવા દેશો સામેલ છે. આ દેશોનું કહેવું છે કે વિકાસશીલ દેશો માટે પ્લાસ્ટિક ઉત્પાદનમાં બાધ્ય થઈને કપાત કરવી વ્યાવહારિક નથી. આ સમૂહ પ્લાસ્ટિ જનિત પ્રદૂષણના નિકાલ માટે સ્વૈચ્છિક લ-યના પક્ષધર છે. તેમાં પ્લાસ્ટિકના વૈજ્ઞાનિક નિકાલ માટે ટેકનિક અને આર્થિક આદન-પ્રદાનને સુગમ બનાવવાની ભલામણ કરવામાં આવી છે. એશિયા-પ્રશાંત દેશોનો સમૂહ મુદ્દે એકમત ધરાવે છે. આફ્રિકી દેશોના સમૂહે પણ બહુપક્ષીય કોષ બનાવવાની માંગની છે. દુનિયામાં સૌથી વધુ પ્લાસ્ટિક ખપત કરનારા અમેરિકાની દલીલ છે કે પ્લાસ્ટિક સંધિ પેરિસ સમજૂતીની જેમ સ્વૈચ્છિક બને. અમેરિકાએ સૂચન કર્યું છે કે દરેક દેશને પ્લાસ્ટિ જનિત કાર્બન પ્રદૂષણ ઓછું રકવાના લ-ય આપવામાં આવે. અમેરિક પાંચ ટકાથી પણ ઓછું પ્લાસ્ટિક ફરીથી ઉપયોગમાં લઈ શકે છે. પ્લાસ્ટિક પર સ્વૈચ્છિક લ-યના તરફદાર અમેરિકાનું પેરિસ સમજૂતીમાં પણ પ્રદર્શન બહુ સારું નથી. પ્લાસ્ટિક ઉત્પાદનનો સીધો સંબંધ તેલ અને ગેસ ઉદ્યોગ સાથે જોડાયેલો છે. તેમાં ઉપયોગ થનારા મહત્ત્વના પદાર્થ ક્રુડ ઓઈલ અને નેચરલ ગેસથી હાંસલ કરવામાં આવે છે. આ જ કારણ છે કે પેટ્રોકેમિકલ કંપનીઓની સાથે જ જીવાશ્મ ઈંધણ પર નિર્ભર દેશ પ્લાસ્ટિક સંધિની કડક જોગવાઈઓના વિરોધમાં છે.

વિકાસશીલ દેશોને પણ ધરતીના સ્વાસ્થ્યના દુશ્મન બનેલા પ્લાસ્ટિક કચરાના સ્થાયી સમાધાન માટે વિકલ્પો તરફ વધવું પડશે. એક ઉપયોગ પ્લાસ્ટિક કચરામાં સૌથી મોટી હિસ્સેદારી પેજિંગ સેક્ટરની છે. વિશ્વમાં તૈયાર થનારા કુલ પ્લાસ્ટિકના ૩૬ ટકા પેકેજિંગમાં ઉપયોગ થાય છે. પેકેજિંગ ઉદ્યોગથી નીકળેલો ૮૫ ટકા પ્લાસ્ટિક કચરો ખુલ્લી સપાટી પર માટી, હવા અને પાણીને પ્રદૂષિત કરે છે. કૃષિ, ફેશન અને ઔદ્યોગિક મત્સ્યપાલન પ્લાસ્ટિક કચરાના મોટા સ્રોત છે. કપડાંમાં ૬૦ ટકા ઘટક પોલિએસ્ટર, નાયલોન અને એક્રેલિક રૂપે હોય છે. પ્લાસ્ટિ કચરાનો એક મોટો અનુપાત અદશ્ય રૂપે આપણી પ્રકૃતિને નુક્સાન પહોંચાડી રહ્યો છે. પાંચ મિલિમીટરથી ઓછી જાડાઈના આ માઈક્રોપ્લાસ્ટિક સિંથેટિક કપડાં (૩૫ ટકા)થી માંડીના ટાયર (૨૮ ટકા) અને સૌંદર્ય પ્રસાધનથી લઈને સડક નિર્માણથી પેદા થાય છે. દૈનિક જીવનમાં આપણે કેટલાય પ્રકારના પ્લાસ્ટિકનો ઉપયોગ કરીએ છીએ. જેમ કે કપ-પ્લેટ, પાણીની બોટલ, બિસ્કિટ ટ્રે, શેમ્પૂ બોટલ, ખાદ્યાન્નોના પેકેજિંગમાં પ્લાસ્ટિક મુખ્ય ઘટક હોય છે.

પ્લાસ્ટિક જનિત પ્રદૂષણ હવે જે સ્તરે પહોંચી ચૂક્યું છે, એવી સ્થિતિમાં આકરા નિર્ણયો લેવા પડશે. પ્લાસ્ટિકના ઉત્પાદનમાં કપાત મહત્ત્વનો વિકલ્પ હોઈ શે છે, પરંતુ વિકાસશીલ દેશોના રોજગાર પરિદૃશ્ય અને તેમની સામાજિક પરિસ્થિતિઓની અવગણના ઠીક નથી. પ્લાસ્ટિક સંધિ જો અસ્તિત્વમાં આવે છે તો દુનિયાભરમાં ચક્રીય અર્થવ્યવસ્થાને ઉત્તેજન મળશે. પ્લાસ્ટિકના ઉત્પાદનમાં કપાત થાય, પરંતુ બહેતર રહેશે કે તે સ્વૈચ્છિક અને સામાન્ય સહમતિથી થાય. વિકાસશીલ દેશ પ્લાસ્ટિકના વિકલ્પો પર રોકાણ વધારી શકે, તેના માટે તેમને ટેકનિક અને આર્થિક સહયોગને ટાળી ન શકાય. તેનાથી ઉત્પાદન અને પૂરવઠા શૃંખલામાં કાગળ અને કમ્પોસ્ટ કરાતા પદાર્થોથી તૈયાર પેકેજિંગને ઉત્તેજન મળશે. જો વિકાસશીલ અને નાના દેશોને આર્થિક મદદ અને પુનઃચક્રણ ટેકનિકથી ઉપલબ્ધ થાય તો પ્લાસ્ટિક સંધિ વ્યાવહારિક બનશે. પ્લાસ્ટિક કચરાના સમાધાન અંતે ગ્રાહકની જાગૃતિ પર નિર્ભર કરે છે. રોજિંદા સામાન ખરીદવાથી માંડીને આપણી જીવનશૈલીમાં આપણે પ્લાસ્ટિકને બદલે પર્યાવરણ અનુકૂળ થેલા અને વસ્તુઓને સામેલ કરવા જોઈએ. કેટલાય અનિવાર્ય ક્ષેત્રોમાં પ્લાસ્ટિકથી બનેલી વસ્તુઓના ઉપયોગ પર ભલે રોક ન લાગી શકે, પરંતુ સ્થાનિક ઉત્પાદનનોને ઉત્તેજન આપીને આપણે પ્લાસ્ટિક કચરાને ઘટાડી શકીએ છીએ.

ભારત પ્લાસ્ટિક કચરો પેદા કરનારો દુનિયાનો પાંચમો મોટો દેશ છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) અનુસાર ૨૦૧૯-૨૦૨૦માં લગભગ ૩૪.૭ લાખ ટન પ્લાસ્ટિક કચરો પેદા થયો. દેશમાં સૌથી વધુ મહારાષ્ટ્ર (૧૩ ટકા) અને ત્યારબાદ તમિલનાડુ અને ગુજરાત (૧૨ ટકા) પ્લાસ્ટિક કચરો પેદા કરે છે. દેશમાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા પ્લાસ્ટિક કચરા પ્રબંધન (સંશોધિત) નિયામવલી, ૨૦૨૧ લાગુ કરાઈ ચૂકી છે. તે અંતર્ગત ૭૫ માઈક્રોનથી પાતળા નવા કે રિસાયકલ પ્લાસ્ટિકથી બનેલ કેરી બેગના ઉત્પાદન, આયાત, સંગ્રહ, વિતરણ, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ છે. તેમ છતાં ઠેર-ઠેર તમને પાતળાં ઝભલાંમાં સામાન ભરાતો જોવા મળી જશે. પ્લાસ્ટિક કચરાની સમસ્યામાં સૌથી મોટો પડકાર એક વખત ઉપયોગ થનારા પ્લાસ્ટિક અને પોલિથિનનો છે. ઓછી કિંમત હોવાને કારણે તે આસાનીથી ઉપલબ્ધ થઈ જાયછે. એક અનુમાન અનુસાર દુનિયાભરમાં પેદા થતા પ્લાસ્ટિક કચરાનો અડધો સિંગલ યુઝ પ્લાસ્ટિક છે. જો આ પ્લાસ્ટિકના ઝેરને સમય રહેતાં આપણે રોકીશું નહીં તો આજે પેદા થયેલ આ કચરો હજારો વર્ષ સુધી સમગ્ર પરિતંત્રને દુષ્પ્રભાવિત કરતો રહેશે.

## મિર્ઝાપુરમાં જાનલેવા ગરમી

# ચૂંટણી ડ્યૂટીમાં તહેનાત પાંચ હોમગાર્ડ્સના મોત

### ૧૬ હોમગાર્ડ્સની તબિયત લથડતા તેમને ટ્રોમા સેન્ટરમાં દાખલ : તમામ મતદાન માટે ડ્યૂટી પર તહેનાત હતા




મિર્ઝાપુર, તા.૧


દેશભરના ઘણા રાજ્યોમાં એકતરફ જાનલેવા ગરમી પડી રહી છે, તો બીજીતરફ લોકસભા ચૂંટણી નો ધમધોકાટ જોવા મળી રહ્યું છે. અસહ્ય ગરમી કારણે સૌથી ચિંતાજનક સ્થિતિ ચૂંટણીની કામગીરીમાં જોડાયેલા લોકોની છે, ત્યારે બળબળતી ગરમી વચ્ચે આજે (૧ જૂન) છેલ્લા તબક્કાનું મતદાન યોજાવાનું છે, જો કે તે પહેલા ઉત્તર પ્રદેશના મિર્ઝાપુરમાં ભીષણ ગરમી અને હીટવેવના કારણે ચૂંટણી ડ્યૂટીમાં જોડાયેલા પાંચ હોમગાર્ડના મોત થયા છે અને ૧૬ હોમગાર્ડ્સની તબિયત લથડતા તેમને ટ્રોમા સેન્ટરમાં દાખલ કરાયા છે. આ તમામ હોમગાર્ડ્સ સાતમાં તબક્કાના મતદાન માટે ડ્યૂટી પર તહેનાત હતા. મળતા અહેવાલો મુજબ ચૂંટણી ડ્યૂટીની ફરજના ભાગ રૂપે કેટલાક હોમગાર્ડ્સ પોલિટેકનિક મેદાનમાં પહોંચ્યા હતા, જ્યાં તેમની અચાનક તબિયત લથડતા દોડધામ મચી હતી. ત્યારબાદ તમામને સારવાર અર્થે તુરંત ટ્રોમાં સેન્ટર લઈ જવાયા હતા, જોકે હોસ્પિટલમાં પાંચ હોમગાર્ડના મોત થયા હતા. વાસ્તવમાં ઉત્તર ભારતમાં ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. ઘણા સ્થળોએ તાપમાન ૫૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે, જેના કારણે ઘણા લોકો જીવ ગુમાવી ચુક્યા છે. મિર્ઝાપુરની વાત કરીએ તો અહીં શુક્રવારે ૪૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ શનિવારે મિર્ઝાપુરમાં તાપમાન ૪૯ ડિગ્રી પાર જવાની સંભાવના છે.

જોકે શુક્રવારે બળબળતી ગરમી ડ્યુટી કરી રહેલા હોમગાર્ડ્સની તિયત લથડતા મોત થયા છે. મિર્ઝાપુરના ડીએમ પ્રિયંકા નિરંજને કહ્યું કે, પ્રચંડ ગરમીના કારણે પાંચ હોમાર્ડના મોત નિપજ્યા છે. આ પહેલા દેશભરમાં વધીત ગરમી અને હીટવેવના કારણે અનેક લોકોના મોત થયા છે. મિર્ઝાપુરમાં ભીષણ ગરમીના કારણે અત્યાર સુધીમાં ૪૩ના મોત થયા છે, બિહારમાં ૩૨, ઓડિશામાં ૧૦ના મોત થયા છે. ઝારખંડના પલામૂ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ લોકોના મોત થયા છે. જ્યારે અસહ્ય ગરમીના કારણે ઓડિશામાં ૧૦, રાજસ્થાનમાં પાંચ અને ઉત્તર પ્રદેશમાં એક વ્યક્તિનું મોત થયું છે. આ પહેલા બિહારના દરભંગાના ૪૦ વર્ષિય એક વ્યક્તિનું દિલ્હીમાં લૂ લાગવાથી મોત થયું છે. તેમના શરીરનું તાપમાન સામાન્યથી ૧૦ ડિગ્રી વધુ ૧૦૮ ડિગ્રી ફારેનહાઈટ સુધી વધી જતાં ઘણા અંગો બંધ થઈ ગયા હતા, જેના કારણે તેમનું મોત નિપજ્યું હતું.

## સૂપ અને હોટ ડ્રિંક પર પહેલાથી જ પ્રતિબંધ છે

# અશાંતિ બાદ સિંગાપોર એરલાઈન્સે ફ્લાઈટમાં ફૂડ સર્વ કરવાના નિયમોમાં ફેરફાર કર્યો

### ૨૧ મેના રોજ, લંડનથી સિંગાપોર જતી ફ્લાઈટ SQ321માં ગરબડને કારણે એક મુસાફરનું મોત થયું હતું અને ડઝનેક ઘાયલ થયા હતા




નવી દિલ્હી, તા.૧

કેટલાક મુસાફરોએ સિંગાપોર એરલાઈન્સના તાજેતરના અશાંતિને પગલે તેના ઈન-ફ્લાઈટ સર્વિસ પ્રોટોકોલમાં કરેલા ફેરફારોને 'ઉતાવળના પગલા' તરીકે વર્ણવ્યા છે. ગુરુવારે એક મીડિયા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી હતી. નવા નિયમોને કારણે ફ્લાઈટ સર્વિસ પર અસર થઈ રહી છે અને કેબિન ક્રૂ પર તણાવ વધી રહ્યો છે.ધ સ્ટ્રેટ્સ ટાઈમ્સના એક અહેવાલ મુજબ, જ્યારે ફ્લાઈટમાં સીટ-બેલ્ટની નિશાની ચાલુ હોય ત્યારે ફૂડ સર્વિસ બંધ કરી દેવામાં આવે છે અને કેબિન ક્રૂસભ્યો માટે સીટ બેલ્ટ પહેરવાની આવશ્યકતા મુસાફરો અને ક્રૂ પર મોટી અસર કરી રહી છે.

૨૧ મેના રોજ, લંડનથી સિંગાપોર જતી ફ્લાઈટ SQ321માં ગરબડને કારણે એક મુસાફરનું મોત થયું હતું અને ડઝનેક ઘાયલ થયા હતા. આ પછી એરલાઈન્સે સુરક્ષાના વ્યાપક પગલાં લીધા છે.અગાઉ, જ્યારે સીટ બેલ્ટની નિશાની ચાલુ હોય ત્યારે માત્ર ગરમ પીણા અને સૂપને જ પીરસવાની મંજૂરી ન હતી અને ક્રૂ તેમની ઈચ્છા મુજબ સેવા ચાલુ રાખી શકતા હતા.

પરંતુ હવે ફૂડ સર્વિસ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે. ધ સ્ટ્રેટ્સ ટાઈમ્સ અનુસાર, યુરોપથી આવતી ફ્લાઈટ્સ (સિંગાપોર તરફ) આંદામાન સમુદ્રના એક ભાગમાંથી પસાર થાય છે જે અશાંતિ માટે જાણીતું છે.ફ્લાઈટ એટેન્ડન્ટે જણાવ્યું હતું કે તેણીએ સિંગાપોર-ભારત રૂટ પર તાજેતરની સાડા ત્રણ કલાકની ફ્લાઈટ દરમિયાન એક કલાકથી વધુ અશાંતિનો અનુભવ કર્યો હતો. કેબિન ક્રૂને બાકીના ઓછા સમયમાં ફૂડ સર્વિસ આપવાની હતી. તેમણે કહ્યું, 'કેટલાક મુસાફરો સમજી શક્યા નથી કે સેવા નીતિમાં ફેરફાર શા માટે જરૂરી છે. અશાંતિના કારણે સેવા પ્રભાવિત થયા બાદ તેમણે ફ્લાઈટ સેવાને 'સરેરાશ કરતાં વધુ ખરાબ' ગણાવી હતી.

ફ્લાઈટ એટેન્ડન્ટે કહ્યું કે અમે તણાવમાં છીએ અને થાકેલા છીએ પરંતુ હાલના સંજોગોમાં અમે કામ સિવાય કંઈ કરી શકતા નથી. ધ સિંગાપોર ડેઈલીના કેટલાક સોશિયલ મીડિયા યુઝર્સે એવું પણ સૂચન કર્યું હતું કે જો અશાંતિને કારણે ખાદ્યપદાર્થોની સેવા ખોરવાઈ જાય તો મુસાફરોએ પોતાનું ખાવાનું અને પીણું લઈ જવું જોઈએ, ખાસ કરીને ટૂંકી અને ટૂંકા અંતરની ફ્લાઈટ્સ પર.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઘટ ઘટ મેં સાંઇ રમતા, કટુક વચન મત બોલ રે.

- સંત કબીરજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ વદ-૯ દશમનો ક્ષય છે, પંચક તા.૧ જૂન ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૨૩, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, પ્રીતિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૬, સૂ.અ.૭:૩૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડાદોડી રહે. આરોગ્ય બાબતે સાવચેતી હિતાવહ.
વૃષભ:ભાગીદાર સાથે મતભેદ સર્જાય. મુંઝવણમાંથી માર્ગ મળે.
મિથુન:નિર્ણયશક્તિ નબળી બની જાય. મનમાં મૂંઝવણ અનુભવાય.
કર્ક: આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. અપયશના ભોગ બનવું પડે.
સિંહ: આયોજન સફળતા પૂર્વક પાર પાડી શકાય. કાર્યક્ષેત્રનો વિકાસ થાય.
કન્યા: રોકાયેલા નાણાં છૂટા થાય. ધીરજના ફળ મીઠા.
તુલા: જીવનસાથીથી મતભેદ રહે. સામાજિક કાર્યોમાં સિધ્ધિ મળે.
વૃશ્ચિક:અપયશના ભોગ બનવું પડે. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
ધન: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અણધારી સફળતા મળે. કાર્યની યોગ્ય કદર થાય.
મકર: નવિન સમાચાર મળે. ઉત્સાહ-ઉમંગનો અનુભવ થાય.
કુંભ: મનની મુરાદ બર આવે. સાહસિક કાર્યમાં સફળતા મળે.
મીન: નવિન સાહસ ન કરવું. જીવનસાથીથી સ્નેહ રહે.

# ગાંધીનગરમાં દિલ્હી પબ્લિક સ્કૂલમાં લાગી વિકરાળ આગ

### એસીમાં શોટ સર્કિટના કારણે પીવીસી સીલિંગના સ્ટ્રક્ચરવાળી એડમિન ઓફિસમાં આગ લાગી

ગાંધીનગર, તા.૧

રાજકોટનો અગ્નિકાંડ હવે વધુ ચર્ચાવા માંડ્યો છે. તેવામાં ગાંધીનગરના કોબા અડાલજ રોડ પર આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે એસીમાં શોટ સર્કિટના કારણે પીવીસી સીલિંગના સ્ટ્રક્ચર વાળી એડમિન ઓફિસમાં વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં ઓફિસનું ટેબલ ખુરશી સહીતનું ફર્નિચર તેમજ કોમ્પ્યુટરો ઉપરાંતનો સર સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ બનાવની જાણ થતાં ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી આગને વધુ પ્રસરતા અટકાવી દેવામાં આવી હતી. જો કે સદનસીબે સ્કૂલમાં વેકેશન હોવાથી મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.


પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગરનાં કોબા અડાલજ રોડ પર આવેલી દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે લાગેલી ભીષણ આગમાં એડ્મિન ઓફિસ બળીને ખાખ થઈ ગઈ છે. એડમીન ઓફિસના ACમાં શોટ સર્કિટનાં કારણે આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે સમગ્ર એડમીન ઓફિસને ઝપેટમાં લઈ લીધી હતી.અહીં પીવીસી સીલિંગ વાળી ઓફિસમાં ગણતરીની મિનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા ટેબલ ખુરશી સહિતનું ફર્નિચર, કોમ્પ્યુટર, સ્ટેશનરી સહિતનો સર સામાન ભડભડ સળગવા લાગ્યો હતો. ચીફ ફાયર ઓફિસર કૈઝાદ દસ્તુરની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અને સ્કૂલમાં કાર્યરત ફાયર સિસ્ટમની મદદથી આગને પ્રસરતા અટકાવી દેવામાં આવી હતી.

સ્કૂલમાં વેકેશન હોવાથી સદનસીબે વિધાર્થીઓ સ્કૂલમાં હાજર ન હતા.આ અંગે ચીફ ફાયર ઓફિસર દસ્તૂરે જણાવ્યું હતું કે, એસીમાં શોટ સર્કિટના કારણે આગ લાગતા એડમીન ઓફિસમાં આગ લાગી હતી. જેમાં ફર્નિચર, કોમ્પ્યુટર સહિતનો સામાન સળગી ગયો હતો. વેકેશનનો માહોલ હોવાથી વિધાર્થીઓ સ્કૂલમાં નહોતા. આ આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. સ્કૂલની ફાયર સિસ્ટમ ચાલુ હાલતમાં હોવાથી એનાથી જ આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.

## બિગ બીને કરી આ ખાસ અપીલ

# 'ડિયર અમિતાભ બચ્ચન...', કેરળ કોંગ્રેસે રેલ મંત્રી પર લગાવ્યો આરોપ

### કેરળ કોંગ્રેસે દાવો કર્યો હતો કે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભીડની સમસ્યાનો સામનો કરવા માટે ટ્રેનોની સંખ્યા વધારવા માટે પાટીના આહ્વાનને સાંભળ્યું ન હતું



કેરળ, તા.૧

કેરળ કોંગ્રેસે ગુરુવારે ઉત્તર પ્રદેશના ગોરખપુરથી ખીચોખીચ ભરેલી ટ્રેનનો વીડિયો શેર કર્યો છે. આ વિડીયો સાથે લખાયેલ કેપ્શન ''ડિયર અમિતાભ બચ્ચન...'' થી શરૂ થયું હતું અને બોલિવૂડ અભિનેતાનું એકાઉન્ટ પણ પોસ્ટમાં ટેગ કરવામાં આવ્યું હતું.કેરળ કોંગ્રેસે પોતાની પોસ્ટમાં અમિતાભ બચ્ચનને વિનંતી કરતા કહ્યું કે, ''અમને તમારી થોડી મદદની જરૂર છે. કરોડો સામાન્ય લોકો આ રીતે મુસાફરી કરવા મજબૂર છે. રિઝર્વેશન કોચ પણ લોકોથી ભરેલા છે. ઉત્તર ભારતમાં તાપમાન ૫૨ ડિગ્રી સેલ્સિયસ છે. અને આ વીડિયો ગોરખપુરનો છે, જ્યાં યુપીના મુખ્યમંત્રી છે.''વીડિયોમાં ટ્રેનની અંદર ભીડથી ભરેલો ડબ્બો દેખાય છે, જેમાં લોકો ગરમીથી ઝઝૂમી રહ્યા છે. તેઓ પ્લાસ્ટિકના પંખાનો ઉપયોગ કરીને ગરમીથી બચવાનો પ્રયાસ કરતા જોવા મળે છે. કેન્દ્ર સરકારની ટીકા કરતા કેરળ કોંગ્રેસે કહ્યું કે છેલ્લા એક દાયકામાં દેશની વસ્તીમાં ૧૪ કરોડનો વધારો થયો છે, પરંતુ ટ્રેનોની સંખ્યા તેના અનુરૂપ નથી. ઘણી વંદે ભારત ટ્રેનો શરૂ કરવામાં આવી હતી, પરંતુ તેમાંથી અડધી ખૂબ ઓછા મુસાફરો સાથે ચાલી રહી છે.પછી કેરળ કોંગ્રેસે પોસ્ટમાં જણાવ્યું કે તેણે બોલિવૂડ અભિનેતા અમિતાભ બચ્ચનને શા માટે ટેગ કર્યા.પાટીએ દાવો કર્યો હતો કે રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્રેનોની સંખ્યા વધારવાની પાટીની વિનંતીને સાંભળી ન હતી. કેરળ કોંગ્રેસે કહ્યું, ''તેઓ (રેલવે મંત્રી) અમીરો અને સેલિબ્રિટીઓ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર ઝડપથી જવાબ આપે છે, પછી ભલે વિનંતી હેક થયેલ ટ્વિટર એકાઉન્ટને પુનઃપ્રાપ્ત કરવાની હોય.''પાટીએ આ મુદ્દા પર ધ્યાન દોરવા માટે અમિતાભ બચ્ચનના સ્ટારડમનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો. કેરળ કોંગ્રેસે કહ્યું, ''સામાજિક કારણો પ્રત્યેના તમારા પ્રભાવ અને પ્રતિબદ્ધતાને જોતાં, અમે તમને આ બાબતે ટ્વીટ કરવા વિનંતી કરીએ છીએ. તમારું સમર્થન આ લોકોની દુર્દશા તરફ ધ્યાન દોરશે અને સંભવિત રીતે ''મદદ કરી શકે છે.''

### વેન-રિક્ષામાં વધુ બાળકો બેસાડાશે તો જવાબદારી સ્કૂલ સંચાલકની

# રાજ્યમાં સ્કૂલ સેફટી પોલિસી અંતર્ગત સ્કૂલ રિક્ષા-વાન માટે સુરક્ષાના નિર્દેશ

## સ્કૂલ રિક્ષા-વાનમાં ફાયર સેફટી સહિતની તકેદારી રાખવા કરાયા આદેશો અપાયા

ગાંધીનગર,તા.૧
રાજકોટમાં ગેમઝોનમાં બનેલી આગની ઘટનામાં મોટી સંખ્યામાં બાળકો મૃત્યુ પામ્યા છે ત્યારે સ્કૂલે આવતા જતા બાળકોની સુરક્ષાને લઈને પણ સ્કૂલ સેફટી પોલીસી અંતર્ગત સરકાર દ્વારા નવેસરથી પરિપત્ર કરીને તકેદારી રાખવા અને જરૂરી પગલા લેવા માટે આદેશ કરાયો છે. જે અંતર્ગત સ્કૂલ રીક્ષા કે વેનમાં વધુ સંખ્યામાં બાળકો ન બેસાડવામા આવે તે જોવાની જવાબદારી સ્કૂલ સંચાલકની રહેશે. વધુ બાળકો બેસેલા જણાય તો વાલી કે સંચાલકે તાકીદે આરટીઓ અને ટ્રાફિક પોલિસને જાણ કરવાની રહેશે. પ્રાથમિક શિક્ષણ નિયામક અને સ્કૂલ નિમાયક દ્વારા તમામ ડીઈઓ-ડીપીઓને પરિપત્ર કરીને સ્કૂલ સેફટી પોલિસી ૨૦૧૬નો કડકાઈથી અમલ કરવા અને સ્કૂલના બાળકોને લાવવા લઈ જવાના પરિવહન માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે આદેશ કરવામા આવ્યો છે. તમામ ડીઈઓડીપીઓને ૧૩મી જુનથી સ્કૂલો શરૂ થાય તે પહેલા શાળાઓમાં બાળકોની સલામતી અંગેની વ્યવસ્થાની ચકાસણી પૂર્ણ કરવા માટે આદેશ કરવામાં આવ્યો છે. રાજયની તમામ સરકારી, ગ્રાનટેડ અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં બાળકોના ટ્રાન્સપોર્ટેશનને લઈને સરકાર દ્વારા સૂચનાઓ આપવામા આવી છે. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજ્ય ટ્રાન્સપોર્ટ વિભાગ સફાળે જાગ્યું છે. જેમાં દરેક સ્કૂલ ઓટો રીક્ષામાં ફાયર સેફટી સર્ટિ. ફરજિયાત કરાયુ છે. તેમજ સર્ટિફિકેટ ન લેનારાઓ સામે RTO વિભાગ કાર્યવાહી કરશે. તેમજ રાજ્ય ટ્રાન્સપોર્ટ વિભાગે RTO કચેરીઓને પરિપત્ર આપ્યો છે. RTOએ જણાવ્યું છે કે આ માટે એક ગાઇડલાઇન કરવામાં આવી છે. તેમાં ૧૨ જેટલા મુદ્દાઓની ગાઇડલાઇનનું પાલન કરવું પડશે. રાજ્ય સરકાર તરફથી પણ સૂચના આપવામાં આવી છે. સર્ટિફિકેટ ન લેનારાઓ સામે શાળા ખુલતાની સાથે RTO કચેરીએ ટિમ બનાવી તપાસ કરવા સૂચના છે. જેમાં અમદાવાદ RTO કચેરીએ ટિમ તૈયાર કરી છે. તેમાં સ્કૂલ રીક્ષા અને રીક્ષા ફિટનેસ મામલે RTOનું નિવેદન છે કે જૂન ૨૦૧૯માં એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો,આ માટે એક ગાઇડલાઇન કરવામાં આવી છે. તેમાં ૧૨ જેટલા



મુદ્દાઓની ગાઇડલાઇનનું પાલન કરવું પડશે. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી અને કમિશનર ઓફ શાળાઓની કચેરી દ્વારા તમામ જિલ્લાના DEOને સૂચના આપવામાં આવી છે કે, સ્કૂલોમાં ફાયર સેફટી અંગે તપાસ કરી ૧૧મી જૂન સુધીમાં રિપોર્ટ મોકલી આપવાનો રહેશે. આ સિવાય સંચાલકો અને વાલીઓને સૂચના આપવામાં આવી છે કે, આગામી દિવસોમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થશે ત્યારે રિક્ષા-વાનમાં વધુ બાળકો બેસાડાય તો RTO તેમજ ટ્રાફિક પોલીસમાં ફરિયાદ કરવી.

### શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ.૧૨ની

# પૂરક પરીક્ષા તારીખ ૨૪ જૂનથી શરૂ થશે

## શિક્ષણ બોર્ડ દ્વારા પૂરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો : ૬ જુલાઈએ પૂર્ણ થશે : ધોરણ-૧૦, ૧૨ના ૨.૨૬ લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પૂરક પરીક્ષા માટે નોંધાયા

અમદાવાદ, તા.૧
શિક્ષણ બોર્ડ દ્વારા ૨૪ જૂનથી લેવામાં આવનારી ધોરણ-૧૦ની પૂરક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. ૨૪ જૂનથી શરૂ થનારી પુરક પરીક્ષા ૬ જુલાઈના રોજ પુર્ણ થશે. આ વખતે ધોરણ-૧૨ સાયન્સમાં તમામ વિષય, ધોરણ-૧૦માં ૩ વિષય અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨ વિષયની પૂરક પરીક્ષા લેવામાં આવશે. પૂરક પરીક્ષા માટે રાજયના ૨.૨૬ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધોરણ૧૦ની પરીક્ષાના પરિણામમાં ૩ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ આ વખતે પૂરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો છે. ધોરણ-૧૦ની પૂરક પરીક્ષા માટે ૧૫ મેથી પૂરક પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨૩ મે સુધી વિદ્યાર્થીઓના ફોર્મ બોર્ડ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમ્યાન સમગ્ર રાજયમાંથી ધોરણ-૧૦ના ૧૩૫૮૩૭ વિદ્યાર્થીઓએ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ફોર્મ ભર્યા હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અત્યાર સુધી એક જ વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા લેવાતી હતી. તેના બદલે આ વખતથી સામાન્ય પ્રવાહમાં બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવામાં આવનાર છે. ધોરણ૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા માટે ૫૬૦૬૧ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા હતા. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ હોય અથવા તો પાસ થયા હોય અને પરિણામ સુધારવા માંગતા હોય તેઓ પણ પૂરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો હતો. જેના પગલે સાયન્સમાં ૩૪ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. જેમાં ૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ પાસ થયા બાદ પરિણામ સુધારવા પરીક્ષા આપી રહ્યા છે. આમ, કુલ ૨.૨૬ લાખ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપશે.

### અમદાવાદ મ્યુનિ. કોર્પો.ના ઈન્ચાર્જ ફાયર ઓફિસરની નિમણૂંક પણ વિવાદમાં !

# વિજિલન્સ તપાસ ચાલે છે તેવા અધિકારીને SITમાં સમાવાતા ઊભા થયા અનેક સવાલો

ગાંધીનગર, તા.૧
સમગ્ર રાજયમાં હાહાકાર મચાવનારી રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં આગની ઘટનાની તપાસ માટે રાજય સરકારે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી છે. જેમાં ફાયર વિભાગના અધિકારી તરીકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા જયેશ ખડિયાની નિમણૂક કરવામાં આવી છે. જો કે, આ ઈન્ચાર્જ ફાયર ઓફિસરની સામે જ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિજિલન્સ તપાસ ચાલી રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આગની ઘટના બાદ ગુજરાતભરમાં ગેમ ઝોનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારે અમદાવાદમાં એટલે કે, તેમના પોતાના કાર્યક્ષેત્રમાં ૪ ગેમ ઝોન NOC વિનાના મળ્યા છે. ફાયર બ્રિગેડના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, મ્યુનિસિપલ કોર્પોરેશન હદની બહાર તેમને ફાયર એનઓસી આપી હતી અને એક અધિકારીનું રાજીનામું મંજૂર કરવા બદલ પણ ઈન્કવાયરી કરવામાં આવી હતી. બોગસ સ્પોન્સરશિપ અંગેની પણ એક વિજિલન્સ તપાસ હાલમાં તેમની વિરૂદ્ધ ચાલી રહી છે. તેઓની સામે વિજિલન્સ ઈન્કવાયરી હોવા છતાં પણ તેઓને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફાયર વિભાગમાં ચીફ ફાયર ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી છે. જો કે, તેમની નિમણૂકને લઈને પણ વિવાદ હોવાની વિગતો સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ રહી છે. બીજી તરફ જયેશ ખડિયાને ઈન્ચાર્જ ઓફિસર બનાવવામાં આવ્યા છે. કાયમી ચાર્જ સોંપવામાં આવ્યો નથી. અમદાવાદના ફાયર અધિકારીને કાયમી ચાર્જ ન આપવામાં આવ્યો હોય અને ઈન્ચાર્જ તરીકે જ ચલાવવામાં આવતા હોય તેવા અધિકારીને રાજયમાં સૌથી ગંભીર ઘટના બની છે તેની તપાસની ટીમમાં સામેલ કરવામાં આવતા તેને લઈને સવાલો ઊભા થઈ રહ્યા છે. રાજયમાં બનેલી આ ગંભીર ઘટના આગના કારણે લાગી છે. જેમાં ફાયર વિભાગના અધિકારીની ખૂબ મહત્ત્વની જવાબદારી હોય. કારણ કે, આગ કેવી રીતે લાગી, કયા કારણોસર ઝડપી આગ ફેલાઈ ગઈ, કેવું મટિરીયલ હતું, કયા પ્રકારના સાધનોનો ઉપયોગ હતો, આગને લગતી અનેક બાબતોને લઈને પણ ફાયર વિભાગના અધિકારીને તપાસ કરી તેમાં માહિતી આપવાની હોય છે. પરંતુ જે અધિકારી કાયમીને બદલે ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર તરીકે હોય તો કેમ રાજય સરકારે આ અધિકારીની જ નિમણૂક કરી. રાજયમાં અન્ય એવા અધિકારી છે જે ફાયર વિભાગ સાથે સંકળાયેલા છે અને તેઓ એકસપર્ટ છે. છતાં પણ કેમ ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરને નિમણૂક કરી તે તપાસનો વિષય હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

## ઉત્તરકાશીના જંગલમાં લાગેલી આગ કાબૂ બહાર

નવી દિલ્હી, તા.૧
ઉત્તરકાશી ફોરેસ્ટ ડિવિઝન અને અપર યમુના ફોરેસ્ટ ડિવિઝનના જંગલો આ દિવસોમાં આગની લપેટમાં છે. લાખોની કિંમતની વનસંપત્તિ બળીને રાખ થઈ ગઈ છે. પહાડોમાં લાગેલી આગને કારણે વન્ય પ્રાણીઓનું અસ્તિત્વ પણ જોખમમાં છે. તે જ સમયે, જંગલમાં આગની માહિતી મળતા જ, વન વિભાગ, એસડીઆરએફ, એનડીઆરએફ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને આગ ઉપર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે.વરુણાવત-ગુફાયરા વિસ્તારની સાથે સાથે ગંગા અને યમુનાના જંગલોમાં પણ આગ ફેલાઈ રહી છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ અને યાત્રાળુઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જંગલની આગમાંથી નીકળતા ધુમાડાએ આસપાસના સમગ્ર વિસ્તારને ધુમ્મસની ચાદરથી ઢાંકી દીધો છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગરમી ઝડપથી વધી છે.સ્થાનિક લોકોએ રેન્જ ઓફિસર બડાઘાટને ફોન દ્વારા જંગલમાં લાગેલી આગ અંગે જાણ કરી હતી. આગની માહિતી મળ્યા પછી, ૫ SDRF, ૧૬ સભ્યોની NDRF ટીમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ/QRT ટીમ સાથે ૧૨ વન વિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને આગ ઉપર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.ઉત્તરકાશી જિલ્લા મુખ્યાલયને અડીને આવેલા વરુણાવર્ત પહાડીમાં લાગેલી આગ ઝડપથી ફેલાઈ રહી છે. જોકે, ફોરેસ્ટ અને એનડીઆરએફ સહિતની ક્યુઆરટી ટીમ આગ ઉપર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ આગ કાબુ બહાર જઈ રહી છે.આ પહેલા નૈનીતાલના કેંચી ધામ મંદિરની આસપાસના જંગલમાં ભીષણ આગ લાગી હતી. જોરદાર પવન સાથે આગ સતત ફેલાઈ રહી છે. મળતી માહિતી મુજબ, કેંચી ધામ મંદિરની પાસે પાઈનના જંગલો છે. જેના કારણે આ આગ ઉપર કાબૂ મેળવવો થોડો મુશ્કેલ બની રહ્યો છે.રાજયની અમૂલ્ય વનસંપત્તિ આગના કારણે નાશ પામી રહી છે. કુમાઉ ડિવિઝનના પિથોરાગઢમાં સૌથી વધુ આગની ઘટનાઓ નોંધાઈ હતી જ્યાં હાલ પરિસ્થિતિ કાબૂમાં છે. આ સિવાય અલમોડા. નૈનીતાલ, ચંપાવત, બાગેશ્વર જેવા જિલ્લાના ઘણા જંગલ વિસ્તારો પણ આગની ઝપેટમાં આવ્યા હતા, જેમાંથી બાગેશ્વર અને ચંપાવતના મોટાભાગના વિસ્તારોમાં આગ ઉપર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. જ્યારે હજુ પણ કેટલીક જગ્યાએ આગ બળી રહી છે. ઉત્તરાખંડ વન વિભાગના જણાવ્યા અનુસાર, ૭૪૯.૬૩૭૫ આરક્ષિત વન વિસ્તાર (હેકટર) આગથી પ્રભાવિત થયો છે.

# મતદાન ટકાવારીની મૂંઝવણ : મતદાતાઓની સહભાગિતાનું વિશ્લેષણ

નવી દિલ્હી તા.૧
સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં માત્ર એક જ તબક્કો બાકી છે, ત્યારે દેશભરમાં મતદારોની ભાગીદારી પર વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. ૨૦૧૯ અને ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓની સરખામણીમાં આ વખતે ચૂંટણીના મતદાનમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. તેમાં રાજ્ય અને પ્રાદેશિક સ્તરે વિવિધતાઓ છે. પૂર્વ, ઉત્તરપૂર્વ અને દક્ષિણના ઘણા મતદારોએ પશ્ચિમ, મધ્ય અને ઉત્તર ભારતના મતદારો કરતાં વધુ મતદાન કર્યું છે. તેમ છતાં, તેલંગાણા અને કર્ણાટક જેવા કેટલાક અપવાદોને બાદ કરતાં, જ્યાં મતદાતાઓનું મતદાન ૬૨.૮%થી ૬૫.૭% અને ૬૮.૮%થી ૭૦.૬% થયું હતું. ૨૦૨૪માં સમગ્ર રાજ્યોમાં મતદાનમાં સામાન્ય ઘટાડો થયો છે. એક વિશ્લેષણમાં કહ્યું છે કે, માત્ર ટકાવારીની દૃષ્ટિએ મતદાનમાં ઘટાડો થયો નથી, પરંતુ પ્રથમ છ તબક્કામાં મતદાન થનાર ૪૮૫માંથી ૧૩૨ મત વિસ્તારોમાં સંપૂર્ણ રીતે મતદાનમાં પણ ઘટાડો થયો છે. ૨૦૦૯ની સામાન્ય ચૂંટણી પહેલા હાથ ધરવામાં આવેલી તાજેતરની સીમાંકન બાદથી મતદારોની ભાગીદારીમાં ઘટાડો થયો હોય તેવી બેઠકોની સંખ્યા વધુ છે. આ આંકડાઓ પર નજર કરીએ તો જાણવા મળે છે કે ૨૦૧૪માં કુલ મતદારો (૧૮ વર્ષથી વધુ વયના લાયક મતદારો)માં નોંધપાત્ર વધારો થયો હતો અને ૨૦૧૯ અને ૨૦૨૪માં થોડો વધારો થયો હતો. પરંતુ માત્ર ૨૦૨૪માં જ મતદારોના મતદાનમાં નાટકીય રીતે ઘટાડો થયો હતો. મતદાનમાં આ ઘટાડો રાજકીય પરિબળો દ્વારા સમજાવી શકાય છે. શું એવા રાજ્યોમાં મતદાન કરવા માટે ઓછો ઉત્સાહ હતો જેમાં પક્ષો વચ્ચે મજબૂત હરીફાઈ દર્શાવતા ન હતા? શું આ ગુજરાતમાં પ્રમાણમાં ઓછું મતદાન સમજાવે છે (૬૦.૧%, ૨૦૧૯થી ૪.૪ પોઈન્ટનો ઘટાડો), જ્યાં ભારતીય જનતા પાર્ટી પ્રબળ સ્થિતિમાં છે અથવા કેરળ (૭૧.૩%, ૬.૬ પોઈન્ટ ડ્રોપ) જ્યાં બંને મુખ્ય હરીફો, ડાબેરીઓ અને કોંગ્રેસ તેમના સાથી પક્ષો સાથે હરીફાઈમાં છે, જે રાષ્ટ્રીય સ્તરે ભારત બ્લોકનો ભાગ છે ? શું આંતર-રાજ્ય સ્થળાંતર એક પરિબળ છે જે સંભવતઃ ઉત્તર અને મધ્ય રાજ્યોમાં ઓછા મતદાનને સમજાવે છે ? ઉદાહરણ તરીકે, બિહારમાં નોંધપાત્ર લિંગ તફાવત જોવા મળ્યો છે, જેમાં ટકાવારીની દૃષ્ટિએ મહિલાઓની ભાગીદારીમાં પુરૂષો કરતાં મહિલા મતદારોની સંખ્યા ઘણી વધારે છે. શું હીટવેવની સ્થિતિએ મતદારોની સંખ્યા ઘટી છે ? આ એવા પ્રશ્નો છે જેના ડેટાના આધારે ભારતના ચૂંટણી પંચે જવાબ આપવા જોઈએ. ભારતે હંમેશા અન્ય ચૂંટણી લોકશાહીની તુલનામાં ઉચ્ચ સ્તરની ભાગીદારી નોંધાવી છે અને આ વર્ષે જોવા મળેલો નોંધપાત્ર ઘટાડો ચિંતાનું કારણ છે. લાંબાગાળા માટે મતદારોની ઉદાસીનતા લોકશાહી પ્રક્રિયાને નબળી કરી શકે છે. જો તેઓ મતદાન કરે છે ત્યારે લોકોને તેઓ લાયક હોય તેવી સરકાર મળે છે, અને જ્યારે તેઓ મત આપતા નથી ત્યારે સરકાર તેમની પસંદગીની મળતી નથી.

# અરવિંદ કેજરીવાલે આબકારી નીતિ કેસમાં નિયમિત જામીન માટે દિલ્હી કોર્ટમાં અરજી કરી

નવી દિલ્હી, તા.૧
અરવિંદ કેજરીવાલે માર્ચમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા તેમની ધરપકડ સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ મહિનાની શરૂઆતમાં કોર્ટે તેમને ચાલી રહેલી લોકસભા ચૂંટણીમાં પ્રચાર કરવા માટે ૨૧ દિવસના વચગાળાના જામીન આપ્યા હતા. કોર્ટે આમ આદમી પાર્ટી (AAP)ના વડાને ચૂંટણીના એક દિવસ પછી ૨ જૂન સુધીમાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. આ અઠવાડિયાની શરૂઆતમાં કેજરીવાલે સુપ્રીમ કોર્ટમાં તેમના વચગાળાના જામીનના વિસ્તરણની માંગ કરી હતી. જો કે, કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રીની અરજીની તાત્કાલિક વિનંતીને નકારી કાઢી હતી. તેમના વચગાળાના જામીનના સાત દિવસના વિસ્તરણની માંગ કરતી તેમની અરજીને નકારી કાઢતા કોર્ટના કાર્યાલયે જણાવ્યું હતું કે, અરવિંદ કેજરીવાલને નિયમિત જામીન માટે ટ્રાયલ કોર્ટમાં જવાની સ્વતંત્રતા આપવામાં આવી હોવાથી અરજી સ્વીકારી શકાતી શકાતી નથી. એક દિવસ પહેલાં સુપ્રીમ કોર્ટની વેકેશન બેન્ચે કહ્યું હતું કે, ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડ વચગાળાની અરજીની સૂચિ ઉપર નિર્ણય લઈ શકે છે. કેજરીવાલે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, તેમના અચાનક અને અસ્પષ્ટ વજન ઘટાડાની સાથે સાથે ઉચ્ચ કીટોન સ્તરોને કારણે પીઈટી-સીટી સ્કેન સહિત અનેક તબીબી પરીક્ષણો કરાવવા માટે તેમને સાત દિવસના વધારાની જરૂર છે. તેમની અરજીમાં અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, તેમના લક્ષણો કિડની, ગંભીર કાર્ડિયાક બીમારીઓ અને કેન્સર પણ સૂચવે છે. આ મહિનાની શરૂઆતમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તેમના વચગાળાના જામીનનો વિરોધ કર્યો હતો, એવો દાવો કર્યો હતો કે, ચૂંટણી માટે પ્રચાર કરવા માટે કોઈ વ્યક્તિ મુક્ત થયાની કોઈ પૂર્વધારણા નથી. ૨૧ માર્ચે કેસમાં કેજરીવાલની ધરપકડ બાદ આ પ્રથમ વખત છે જ્યારે તેણે નિયમિત જામીન માટે અરજી કરી છે. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરે કથિત કૌભાંડની CBI તપાસના આદેશ આપ્યા પછી ૨૦૨૨માં દારૂની નીતિને રદ કરવામાં આવી હતી. અરવિંદ કેજરીવાલને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મોકલવામાં આવેલા નવ સમન્સને અવગણવાથી ધરપકડ કરવામાં આવી હતી.

# વજન વધવાથી અને સુગર લેવલ વધવાથી બચવા તમે દિવસમાં કેટલી કેરી ખાઈ શકો ?

## ન્યુટ્રિશન નિષ્ણાતો કહે છે કે, ગ્લુકોઝને નિયંત્રિત કરવા માટે કેરીનું સેવન સંયમિત રીતે કરવું જોઈએ અને તેમાં ફાઈબર અને હેલ્ધી ફેટ્સનું મિશ્રણ હોવું જોઈએ

અમદાવાદ તા.૧
કેરીઓ સૌને ગમે છે પરંતુ કોઈને એ ખબર નથી કે વજન વધતું ટાળવા અથવા બ્લડ સુગર વધવાથી બચવા માટે તમે કેટલી કેરી સુરક્ષિત રીતે આરોગી શકો છો ? તમારે સાવચેતી રાખવી જોઈએ. ન્યુટ્રિશન નિષ્ણાતો કહે છે કે, ગ્લુકોઝને નિયંત્રિત કરવા માટે કેરીનું સેવન સંયમિત રીતે કરવું જોઈએ અને તેમાં ફાઈબર અને હેલ્ધી ફેટ્સનું મિશ્રણ હોવું જોઈએ. કેરી એન્ટીઓકિસડન્ટ, વિટામિન્સ, ખનિજો અને આહાર ફાઈબરથી ભરપૂર છે, પરંતુ વધુ પડતું સેવન મુશ્કેલીકારક બની શકે છે અને વજન ઘટાડવાની શક્યતા ઘટાડી શકે છે. કેરીના અનેક ફાયદાઓ છે અને તેનો આનંદ માણવા માટે વાજબી રીતે અને યોગ્ય માત્રામાં તેને ખાવાની ભલામણ કરવામાં આવે છે.

સંયમિત રીતે કેરી ખાવાથી પાચનમાં સુધારો થાય છે, તમારા માનસિક સ્વાસ્થ્ય, હૃદયની તંદુરસ્તી અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. કેરીમાં રહેલા વિટામિન-સી અને કેરોટીનોઈડ ત્વચાને સૂર્યના નુકસાનથી બચાવવામાં મદદ કરે છે. કેરીમાં રહેલું વિટામિન A આંખોના સ્વાસ્થ્ય અને મેક્યુલર ડિજનરેશન જેવી વય-સંબંધિત દૃષ્ટિની સમસ્યાઓને રોકવા માટે જરૂરી છે. કેરી પોટેશિયમનો સારો સ્ત્રોત છે, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં અને હૃદય રોગના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત કેરીમાં ટ્રિપ્ટોફન, એમિનો એસિડ હોય છે જે મૂડને સુધારવામાં મદદ કરી શકે છે. કેલ્શિયમ કાર્બાઈડથી પાકેલી કેરી ખાઓ ત્યારે તેની ઘણી બધી આડઅસરો છે.



ન્યુટ્રિશનિસ્ટ જુહી કપૂર તેની તાજેતરની ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં દરરોજ કેરીનો કેટલો ઉપયોગ કરવો જોઈએ તેના વિશે વાત કરે છે. તેઓએ કહે છે કે, તેનું સેવન નિયંત્રણ સાથે કરવું જોઈએ અને કેરીના ફાયદાઓ મેળવવા માટે, વાજબી માત્રાની ભલામણ કરવામાં આવે છે, જેમ કે અડધી મોટી કેરી અથવા લગભગ ૧૫૦ ગ્રામ. આ ભાગ આશરે ૧૨૫-૧૫૦ કેલરી પ્રદાન કરશે, જેનાથી તમે સ્વાદિષ્ટ ફળનો સ્વાદ લઈ શકશો અને સંતુલિત કેલરીની માત્રા જાળવી રાખી શકશો. ન્યુટ્રિશનિસ્ટ કહે છે કે, ૨૫૦-૩૦૦ ગ્રામ કેલરી ધરાવનાર મોટા કદની કેરી ખાતા પહેલાં કેરીના કદને ધ્યાનમાં લેવું જોઈએ. એક મોટી કેરી, જેનું વજન સામાન્ય રીતે ૩૦૦-૩૫૦ ગ્રામની આસપાસ હોય છે. આ કદની કેરીમાં ૨૫૦થી ૩૦૦ કે તેથી વધુ કેલરી હોઈ શકે છે. ઘણી વ્યક્તિઓ માટે કેલરીની માત્રા જો સરેરાશ પુખ્ત વ્યક્તિને દરરોજ ૨૦૦૦ કેલરીની જરૂર હોય તો એક મોટી કેરી તેમની કુલ દૈનિક કેલરીની જરૂરિયાતોમાં આશરે ૧૫ ટકા યોગદાન આપે છે.

ન્યુટ્રિશનિસ્ટ લવનીત બત્રા સુગર સ્પાઈક્સને રોકવા માટે દિવસમાં અડધાથી ૧ કેરીના ફળની ભલામણ કરે છે પરંતુ તંદુરસ્ત ચરબી સાથે ઉમેરવાનું સૂચન કરે છે. એક મધ્યમ કેરીમાં લગભગ ૫૦ ગ્રામ કાર્બોહાઈડ્રેટ હોય છે, તેથી જો તમે દિવસમાં અડધાથી લઈને ૧ ફળ ખાવ છો તો તમે એકદમ સ્વસ્થ રહી શકો છો. પરંતુ અહીં સૌથી મહત્ત્વની બાબત એ છે કે, તમે આ ઉચ્ચ કાર્બોહાઈડ્રેટ ફળને કેવી રીતે જમો છો. તેથી હું તમને એ સુનિશ્ચિત કરવાનું સૂચન કરીશ કે તેમાં કેટલું ફાઈબર અને હેલ્ધી ફેટ્સ હોય છે, તેથી તમે કેરી ખાધા પહેલા એક કપ લીંબુ પાણીમાં પલાળેલા બદામ અને અખરોટનું સેવન કરી શકો છો. બત્રા કહે છે કે, કેરીનું સેવન કરતી વખતે સમય ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને કોઈપણ શારીરિક પ્રવૃત્તિ પહેલાં આ ફળ ખાવું હંમેશા યોગ્ય છે. બત્રા કહે છે કે, તમારી પ્રવૃત્તિ પહેલા ફાઈબર અને ચરબી સાથેની કેરી ખાવી યોગ્ય છે. આ કેરી તેના મૂળ સ્વરૂપમાં હોવી જોઈએ તેના પ્રવાહી રસ સ્વરૂપમાં લેવી જોઈએ નહીં

# ગીર સોમનાથઃ આગામી મોનસુન અંગે તંત્ર સાબદુ

## આજે ૧ જુન સવારથી જીલ્લા ફલડસેલ કંટ્રોલ રૂમનો થયેલ શુભારંભ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧

આગામી ચોમાસા, પુર, પાણી, વાવાઝોડા કે કોઈપણ જાતની પરિસ્થિતિને પહોંચી વળવા જીલ્લાભરના ફલડ કંટ્રોલ રૂમ ૧ જુનથી રણકતા-ધમકતા થઈ રહયા છે. સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર અક્ષય વઘાસીયાના માર્ગદર્શન હેઠળ વિગતો આપતા મદદનીશ ઈજનેર સિધ્ધાર્થ ગાધેએ જણાવ્યું હતું કે, આ ફલડ કંટ્રોલ રૂમ રાઉન્ડ ધ કલોક પુરતા સાધનો-માનવો સાથે કાર્યરત રહેશે. જેના નં.૦૨૮૭૬-૨૨૨૮૯૬ રહેશે. ચોમાસા પુર્વેની તમામ કામગીરીઓ પુર્ણ થઈ ગઈ છે. હિરણ-૨ ડેમના સાતે સાત દરવાજા જે વર્ષો જુના હતા તે બદલી નવા નાખવામાં આવ્યા છે. દરેક ડેમ વાયરસેલ સેટ્સથી સજજ છે. ગીર સોમનાથમાં મધ્યમ કદની પાંચ સિંચાઈ યોજનાઓ છે. જેમાં ૩ સિંચાઈ યોજના ગેઈટવાળી છે જયારે બે ગેઈટ વગરની છે. શિંગોડા, રાવળ અને હિરણ-૨ ડેમને ગેટ એટલે કે દરવાજા છે. જયારે મચ્છુન્દ્રી અને હિરણ-૧ (સાસણ-કમલેશ્વર)ને ડેમના દરવાજા નથી.

હિરણ-૧ કમલેશ્વર ડેમમાં ૧૦૦ એમસીએફટી પાણી વન્યજીવો માટે અનામત રખાય છે. હિરણ -૨ ઉમરેઠી ડેમમાંથી બે ઉદ્યોગો, વેરાવળ-પાટણ નગરપાલિકા, પાણી પુરવઠા બોર્ડ, સોમનાથ ટ્રસ્ટ સુત્રાપાડા નગરપાલિકાને પાણી પુરૂં પડાય છે. બાકી બધા ડેમોનું પાણી પાણી પુરવઠા બોર્ડ પુરૂં પાડે છે. વેરાવળ ગ્રામ્ય મામલતદાર આરઝુબેન ગજજરના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૧ જુન સવારથી ફલડ કંટ્રોલ રૂમ કાર્યરત થઈ ગયેલ છે.

નાયબ મામલતદાર કમલેશ સોલંકીના જણાવ્યા અનુસાર જેના નં.૦૨૮૭૬-૨૪૪૨૯૯ છે. જેમાં ૩ સીફટમાં દરેકને આઠ કલાકની ડયુટી ફાળવાઈ છે. જેમાં દર બે કલાકે વરસાદ નોંધ આવેલ ફરીયાદો, મેસેજ નિવારણ આ સમગ્ર કાર્યવાહી રાઉન્ડ ધ કલોક ચાલુ રહેશે.

સિંચાઈ અધિકારી સિધ્ધાર્થ ગાધે વધુમાં જણાવે છે કે, ડેમોની સંગ્રહશક્તિ જોઈએ તો જેમાં રાવલ (ગીરગઢડા) ૨૬.૭૩ એમસીયુએમ, મચ્છુન્દ્રી (ગીરગઢડા) ૩૧.૮૪,હિરણ-૧ (કમલેશ્વર-સાસણ) ૨૦.૨૨, હિરણ-૨ (ઉમરેઠી) ૩૮.૫૮ એમસીયુએમ છે. ડેમના દરવાજા પાણી ભરાય તો ખોલવાનો રૂલ જોઈએ તો શીંગોડા ડેમ ૧૪૦.૨૩ મીટર તા.૧-૮ સુધી ભરી શકાય, ૧૪૧ મીટર ૧-૯ સુધી ભરી શકાય. તા.૧-૧૦ પછી ૧૪૧.૫૮ પુર્ણ સપાટી ભરી શકાય. રાવલ ૧-૮ સુધી ૧૪૭.૫૫ અને તા.૧-૯ સુધી ૧૪૮.૫૫ પુર્ણ સપાટીએ ભરી લેવાનો, હિરણ-૨ તા.૧-૮ સુધી ૭૦.૭૫ મીટર, તા.૧-૯ સુધી ૭૧.૨૬ મીટર પુર્ણ સપાટી છે. ડેમના પાટીયા ખોલવા માટે ચાર રીત છે. એક ઈલેકટ્રીક પાવરથી, જો તે પણ ન હોય તો જનરેટરથી અને એક જનરેટર ખોટકાય જાય તો બીજું જનરેટર સ્ટેન્ડ બાય હોય છે જેના માટે ડીઝલનો જથ્થો પણ ઉપલબ્ધ હોય છે અને તેથી પણ શકય ન બને તો હાથથી હેન્ડલ મારીને દરવાજા ખોલાય છે. ફલડ કંટ્રોલ સિંચાઈનું કાર્ય જોઈએ તો અત્યાર સુધી ફલડ કંટ્રોલ જૂનાગઢ સિંચાઈ વિભાગ હસ્તક હતો પરંતુ ચાલુ વર્ષથી વેરાવળને અલગ મળેલ છે. આ કંટ્રોલ રૂમ દરેક સિંચાઈ યોજનાના ૭૦ થી ૧૦૦ ટકા ડેભ ભરાય ત્યાં સુધીની પળે પળની વિગત, નિરીક્ષણ કરી એલર્ટ, સંજોગોમાં જીલ્લા ડીઝાસ્ટર કચેરીને, જીલ્લા કલેકટર, મામલતદાર, સિંચાઈ યોજના હેઠળના ગામોના તલાટીઓ, પોલીસ ઈન્સ્પેકટરોને ચેતવણી આપવામાં આવે છે.

ઉપરાંત સૌરાષ્ટ્ર ફલડ સેન્ટર -ભાવનગરને પણ મોકલવામાં આવે છે. દર બે કલાકે ડેમ સાઈટ પર પડેલ વરસાદના આંકડા-પુરના આંકડા બધી જગ્યાએ મોકલાય છે. ગેટેડ સિંચાઈ યોજનાના દરવાજા ખોલતા પહેલા નદીના પટમાંના માણસોને હટી જવા સાયરન પણ વગાડાય છે.

પોર્ટ, ફીશરીઝ, જીલ્લા ડીઝાસ્ટર કંટ્રોલરૂમ, જીઈબી, નગરપાલિકા, વનવિભાગ પણ ચોમાસામાં સતર્ક, સાબદા રહે છે અને તાકીદે જરૂર પડયે માનવ સેવકો, તરવૈયાઓ, સેવાભાવી ભોજનાલયો ચલાવતી સંસ્થાઓ, આરોગ્ય સ્થળોની યાદી હાથવગી રાખે છે.


# જૂનાગઢમાં ૩ જુને 'વિશ્વ સાયકલ દિવસ' નિમિત્તો સાયકલ રાઈડનું આયોજન

જૂનાગઢ તા. ૧

સમગ્ર વિશ્વમાં આગામી તા.૩ જુન વિશ્વ સાયકલ દિવસ તરીકે ઉજવવામાંઆવે છે. તો આ દિવસની ઉજવણીના ભાગરૂપે સાયકલીંગ કલબ જૂનાગઢ અને સાયકલીંગ એસોસીએશન જૂનાગઢ દ્વારા બહાઉદીન કોલેજથી વિલીંગ્ડન ડેમ સુધી અને પરત બહાઉદીન કોલેવજ સુધી એમ કુલ ૯ કિ.મી.ની સાયકલ રાઈડનું આયોજન કરેલ છે. આ રાઈડની અંદર જોડાવા માટે કોઈપણ પ્રકારની ફિ રાખવામાં આવેલ નથી.

ભાગ લેનાર તમામ ઉમેદવારને માન્ય પ્રમાણપત્ર આપવામાં આવશે. 'આઈ લવ માય સીટી' અને 'ગ્લોબલ વોર્મિંગ'ની થીમ ઉપર આ રાઈડનું આયોજન સવારે ૬.૩૦થી ૭.૩૦ સુધી કરવામાં આવેલ છે. આ સાયકલ રાઈડમાં ભાગ લેવા માટે મો.૮૭૩૩૦- ૫૦૧૧૧ ઉપર પોતાનું નામ રજીસ્ટર કરાવી શકાશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

# જેતપુર નજીક સૈયદ આલા હઝરત ઈબ્રાહીમશા પીરનાં ઉર્ષની આજે ભવ્ય ઊજવણી થશે



જૂનાગઢ તા. ૧

મુસ્લિમ ગોરી જ્ઞાતિનાં પીર સૈયદ આલા હઝરત ઈબ્રાહીમ ર.અ.નો ઉર્ષ ઈસ્લામિક તારીખ ૨૩ જીલકાદ તા.૧ જુન શનિવારનાં રોજ મનાવવામાં આવશે. રાજકોટ જિલ્લામાં જેતપુર અમરનગર રોડ ઉપર હઝરત ઈબ્રાહીમશા પીરનો મજારશરીફ આવેલ છે. અને આપથી અનેક કરામતો જાહેર થયેલ છે. હઝરત ઈબ્રાહીમશા પીરનાં ઉર્ષની ઉજવણી માટે શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. ઉર્ષનાં દિવસે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઉર્ષનાં દિવસે મોટી સંખ્યામાં લોકો ભાગ લેશે.

# માંગરોળ પોલીસનું દમન : પીએસઆઈ અને કોન્સ્ટેબલોએ યુવકને ઘરેથી ઉઠાવી જઈ બેરહેમીપૂર્વક માર માર્યો

## કોર્ટમાં જ આરોપી યુવકને વોમિટિંગ થતાં નામદાર કોર્ટે તેને મેડિકલ રિપોર્ટ કરવા આદેશ આપ્યો, ભરણપોષણના કેસમાં આરોપી હાજર ના થતા માંગરોળ પોલીસનું અમાનુષી અત્યાચાર

(પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૧

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાબેના પોલીસ વિભાગના પીએસઆઈ તેમજ બે કોન્સ્ટેબલ દ્વારા મુસ્લિમ યુવકને ગત રાત્રે ઢોરમાર મારતા યુવકને ગંભીર ઈજાઓ થઈ હતી. કોર્ટમાં હાજર કરાતા ત્યા પણ વોમિટિંગ થતાં નામદાર કોર્ટે તેને મેડિકલ રિપોર્ટ કરવા આદેશ આપ્યો હતો. માંગરોળ પોલીસ દમનનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.


આ બાબતની જાણવા મળતી વિગતો એવી છે કે માંગરોળના મુસ્લિમ યુવક ઈકબાલ ઈસ્માઈલ ખાદીમ કે જેમના પત્ની રીસામણે હોય અને તેમની વિરૂધ્ધ ૧૨૫ કલમ હેઠળ ભરણપોષણનો કેસ ચાલતો હોય. આ કેસમાં આરોપી યુવક હાજર ના થતા તેમના વિરૂધ્ધ સમન્સ જારી કરવામાં આવેલ. આ બાબતે આરોપી યુવકે બીજા દિવસે હાજર થવાનું જણાવેલ પરંતુ પોલીસે રાત્રે નવ વાગ્યે તેમને તેના ઘરેથી ઉપાડી લિધેલ અને ત્યાં તેમની સાથે મારામારી કરવામાં આવેલ. ત્યારબાદ યુવકને પોલીસ મથકે લઈ જઈ રાત્રી દરમ્યાન બેરહેમીપૂર્વક મારા મારી કરવામાં આવેલ. બીજા દિવસે કોર્ટમાં હાજર કરાતા ત્યાં તેમને વોમિટિંગ થતા નામદાર કોર્ટે તેને મેડિકલ રિપોર્ટ કરવા માંગરોળની સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. જયા આરોપી યુવકે મિડિયા સમક્ષ પોલીસ વિરૂધ્ધ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, ભરણપોષણના કેસમાં હાજર થવા પોલીસનો મને ફોન આવેલ તો મેં જણાવ્યું હતું કે હુ આવતીકાલે અગિયાર વાગ્યે હાજર થઈ જઈશ. પરંતુ તેઓએ મને રાત્રે નવ વાગ્યે જ ઘરેથી પકડી લિધો હતો અને ત્યાંજ મને ગાળો આપી મારામારી ચાલુ કરી દીધેલ. ત્યારબાદ પોલીસ સ્ટેશનમાં લઈ જઈ કોન્સ્ટેબલ કીશોરભાઈ મારી માથે ઉભો રહી ગયેલ અને કોન્સ્ટેબલ ઝણકાટભાઈ મને મારતો હતો. ઝણકાટભાઈ મને મારીને થાકયો પછી ઝણકાટભાઈ મારી માથે ઉભો રહ્યો અને કીશોરભાઈએ મને માર મારવાનું ચાલુ કર્યું. આ



બંને થાકી જતા પીએસઆઈએ માર માર્યો. મને જમીન ઉપર સુવડાવી માથે ઉભા રહીને પગના તળિયા, હાથના પંજા તેમજ કમરમા બેરહેમીપૂર્વક લાતો મારતા હતા. અત્યારે મારાથી ચલાતુ નથી અને મારા હાથપગ રોકાઈ ગયા છે. પેટમાં દુઃખાવો થાય છે અને વોમિટિંગ થાય છે. કોર્ટમાં એક ઉલ્ટી થઈ હતી અને લોકઅપમાં પણ ઉલ્ટીઓ શરૂ ગઈ હતી. મને રાત્રીના નવ વાગ્યે માર મારવાનું ચાલુ કરેલ અને છેક રાત્રે સાડા બાર વાગ્યા સુધી મારી સાથે મારામારી કરવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડમાં મારામારી કરી લોકઅપમાં નાખી દિધેલ. પછી સાહેબ જતા રહેતા ફરી બહાર કાઢીને મારો અને ધમકી આપી કે તું જ્યાં સુધી તારા આગળના કતલખાનાનાં ગુનાહ નહી કબૂલ ત્યાં સુધી તને મારીશુ...!

એક તરફ પોલીસ પ્રજાનો મિત્ર છે અને પોલીસ પ્રજાનો રક્ષક છે તે સુત્ર સાર્થક કરવા ઉચ્ચ અધિકારીઓ પ્રયત્ન શીલ છે અને પોલીસ પબ્લિક વચ્ચે તાલમેલ વધે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ કેટલાક કર્મચારીઓ ખાખી ડ્રેસમાં પોતાનો રોફ જમાવવા મર્યાદા ભૂલી અત્યાચાર ઉપર ઉતરી આવે છે અને કાયદાનો દૂરઉપયોગ કરી દમન ઉપર ઉતરી આવે છે ત્યારે પોલીસ પબ્લિક વચ્ચેની ખાઈ વધુ ઘેરી બની જાય છે. આ બાબતે જવાબદાર પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# ખંભાળિયામાં પોલીસ તંત્રના નવા કાયદાને અનુલક્ષીને પોલીસ જવાનોની ખાસ ટ્રેનિંગ યોજાઈ





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧

રાજયના અધિક પોલીસ મહા નિર્દેશક (પોલીસ સુધારણા) દ્વારા જારી કરવામાં આવેલા હુકમ અન્વયે ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લા ખાતે આવેલા લો કોલેજીશ અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ન્યુ મેજર ક્રિમિનલ લો અન્વયે જિલ્લાના જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ માટે પ્રેક્ટિકલ તથા લીગલ તાલીમ માટેનું આયોજન કરવાની કરાયેલી સૂચના અન્વયે જિલ્લાના તમામ પોલીસ મથકમાં ફરજ બજાવતા અનાર્મ લોક રક્ષકથી અનાર્મ એ.એસ.આઈ. સુધીના તમામ કર્મચારીઓને નવા કાયદાની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે અંતર્ગત ખંભાળિયામાં મુખ્ય પોલીસ સ્ટેશન પાછળ આવેલા બરછા હોલ ખાતે ગઈકાલે ગુરુવારે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી ખંભાળિયા વિસ્તારના જુદા જુદા પોલીસ મથકમાં ફરજ બજાવતા આશરે ૧૫૦ જેટલા પોલીસ કર્મચારીઓને ટ્રેનિંગ આપવામાં આવી હતી. જેમાં પોલીસ અધિકારીઓ જોડાયા હતા અને નવા ક્રિમિનલ કાયદા અંગે સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

# માળિયા તાલુકાના આરોગ્ય કર્મચારીઓ દ્વારાતમાકુ નિષેધ દિવસની ઉજવણી



જૂનાગઢ, તા.૧ : વિશ્વ તમાકુ નિષેધ દિવસ ઉજવણી અંતર્ગત માળિયા તાલુકાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા જનજાગૃતિ માટે રેલી, પત્રિકા વિતરણ અને આરોગ્ય શિક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. આભા, તાલુકા હેલ્થ સુપરવાઈઝર મિતેષ કછોટ, પ્રા.આ.કે.ના એમ.પી.એચ.એસ અને એમ.પી.એચ. ડબલ્યુ અને સી.એચ.ઓ હાજર રહ્યા હતા.

## સદભાવના ગૃપ-જામનગરની અપીલ

# વૃક્ષારોપણ અને તેનું જતન ફકત્ત વિશ્વ પર્યાવરણ દિવસે જ નહીં પરંતુ નિરંતર રહેવું જોઈએ

## હજુ વધુ ગરમી સહન ન કરવી હોય તો, જાગી જાવ, વૃક્ષ વાવો અને તેનું જતન કરો, નહીંતર નવી પેઢી ઓકસીજનના બાટલા ઉપર નભશે!

## ઉદ્યોગો સાથે વૃક્ષારોપણ ફરજીયાત છે, કોઈ વૃક્ષ કાપો તો બીજી જગ્યાએ દસ વૃક્ષો વાવવાનો નૈતિક નિયમ છે, પરંતુ પર્યાવરણનું ઓડીટ થતું ન હોય અને પરિસ્થિતિ બગડતી જ જાય છે

જામનગર, તા.૧

સમગ્ર દેશ સહિત જામનગરમાં પણ આ વખતની ભયંકર અને અસહ્ય ગરમીને સૌ કોઈ તોબા પોકારી ઉઠ્યા છે અને તેમાં પણ નિષ્ણાંતોના મતે તો આવી ભયાનક ગરમી તો ફકત્ત ટ્રેલર છે અને આવનારા વર્ષોમાં આથી પણ વધારે ગરમી પડશે અને તેને સહન કરવી જ પડશે, ત્યારે આગામી તા.૫મી જૂનના રોજ ઉજવતા 'વિશ્વ પર્યાવરણ દિવસ'ને અનુલક્ષીને જામનગરના સદ્‌ભાવના ગૃપ અને તેના પ્રમુખ ધર્મરાજસિંહ જાડેજા દ્વારા અપીલ કરાઈ છે કે, હાલમાં હયાત અને નવા રોપાતા વૃક્ષોનું જતન ફકત્ત વિશ્વ પર્યાવરણ દિવસે જ નહીં પરંતુ નિરંતર રહેવું જોઈએ અને આવું થશે તો જ આપણે આપણી આવનારી પેઢીને કુદરતી પ્રકોપથી બચાવી શકીશું. આવનારી પેઢી ઓક્સીજનના બાટલા ઉપર ન નભે અને તેવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે તો ચાલો આપણે સૌ સંકલ્પ કરીએ કે વૃક્ષ વીવીશું અને તેનું જતન કરીશું.

હાલની આકરી અને ભયંકર ગરમી વિષે વાત કરીએ તો, હાલના પ્રદુષણના કાર્બનના થરથી ગરમી વધતી જાય છે, આપણે પર્યાવરણનું નિકંદન કરીને સીમેન્ટના જંગલ ઉભા કર્યા પરંતુ તેની સાથે સાથે હરીયાળીના વિકાસને ગણકારતા ભૂલી ગયા હોય તેવું લાગી રહયું છે.

તેથી જ 'સદભાવના ગૃપ' દ્વારા અપીલ કરાઈ છે કે, હજુ વધુ ગરમી સહન ન કરવી હોય તો હવે જાગી જાવ!, હજુ સમય છે, કુદરતનું આ છેલ્લું એલાર્મ અને ચેતવણી છે, નહીંતર પૃથ્વી ઉપર પ્રકૃતિનો સોથ વાળ્યો તેમ જ માનવજાતનો સોથ વળશે તેમાં બે મત નથી. હાલ કાળઝાળ અને અસહ્ય હોય તેવો તાપ આકાશમાંથી વરસાદની જેમ વરસી રહ્યો છે. નદી-સરોવર અને દરીયાનું પાણી જાણે ખાદ્યતેલની જેમ ઉકળી રહ્યું છે. મનુષ્ય સહિત પશુ-પંખી -જળચર - નભચર તમામ જીવ વ્યાકુળ બની ગયા છે તો, આવો ઈશ્વર સ્મરણ સાથે શીતળતા આપતા, પક્ષીઓના આધાર, જમીનનું ધોવાણ અટકાવતા, ભેજને મુળ સુધી જાળવનાર, ફળ-છાયો અને આંખને ટાઢક આપતા વૃક્ષોરોપણ કરીએ અને તેનો કાળજીપૂવર્ક ઉછેર કરીએ. તો જ થોડું-ઘણું માનવજાત સહિત દરેક જીવો માટે કંઈક કર્યાનો સંતોષ થશે અને આજથી જ પરીવાર સહિત વૃક્ષોના છોડ લઈ યોગ્ય જગ્યાએ તેનું રોપણ (વાવી) અને તેને સુરક્ષિત રાખી દરરોજ પાણી પીવડાવવાના સંકલ્પ લેવાનો આ ઉત્તમ સમય આજ છે.

એક અંદાજ પ્રમાણે હાલારના બંને જીલ્લામાં પચાસ હજારથી વધુ વૃક્ષોના નાશ કરી આપણે રઘવાયા થઈને હાલ આ આકરી ગરમીમાં વૃક્ષનો શિતળ છાયો શોધીએ છીએ અને જો ક્યાંય વૃક્ષ મળે તો તેના છાયડે હાશ થાય છે. કેમ કે વૃક્ષ છાયો તો આપે જ છે સાથે સાથે પ્રાણવાયુ (ઓકસીજન) પણ આપે છે. અને કાર્બન ડાયોક્સાઈડ શોષી લે છે. જેથી આપણને નડતર રૂપ વાયુ પોતે ગ્રહણ કરી લે છે.

આ સંતુલન કુદરતે ગોઠવ્યું છે, પરંતુ હવે આ સંતુલન ખોરવાયું છે અને સાથે સાથે વાહનો અને કારખાનાઓના ધુમાડા, પ્લાસ્ટીક બળે અને તેમાંથી નીકળતા ઝેરી વાયુ, રસાયણો, દુર્ગંધોથી હવામાં કાર્બન જેવા ખતરનારક અને માનવજાત માટે ઝેરી તત્વો વધ્યા છે. તેની સામે વૃક્ષોનો તો સોથ વાળી દેવાયો છે. તેથી એ બધા ઝેરી તત્વો આપણી ઉપર દિવસ-રાત ઝળુંબતા જ રહે છે તેમાંય જંતુનાશકો અને ઈન્જેકશનથી પકાવેલા અનાજ-શાકભાજી-ફળ જેના સ્વાદ જતા રહ્યા છે.

લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે, લોકો પર્યાવરણ સુરક્ષા કાર્યમાં સહભાગી બને તે હેતુથી સંયુકત રાષ્ટ્રસંઘ (યુ.એન.) દ્વારા સમગ્ર દુનિયામાં તા.૫ જૂનનો દિવસ 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે ઉજવાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ પર્યાવરણ દિવસે કાર્યક્રમોના આયોજન માટે વિષયની પસંદગી કરી સૂત્ર આપે છે. જેનાં અનુસંધાનમાં અગાઉ વિષય હતો 'હરિત અર્થતંત્ર' એટલે કે એક એવી અર્થ વ્યવસ્થા જેના ફળસ્વરૂપે સામાન્ય માનવીની જીવન વ્યવસ્થામાં સુધાર આવે સાથે પર્યાવરણના સામેના ખતરાઓમાં ઘટાડો થાય, પરંતુ પર્યાવરણ જાળવવા હવે એક દિવસની ઉજવણીથી કામ ચાલે તેમ નથી વિપતીઓ ભરડો લેવા જઈ રહી છે. જીવન સાથે જોડાયેલા આ કુદરતી ખલેલ સામે શક્ય એટલુ સંતુલન સાધવા સદભાવના ગૃપ જામનગરના પ્રમુખ ધર્મરાજસિંહ જાડેજાએ એક લાખની સંખ્યામાં વૃક્ષારોપણનો સંકલ્પ લીધો છે.

## સદભાવના ગૃપ જામનગરના પ્રમુખનો સંકલ્પ

# એક લાખ જેટલા વૃક્ષારોપણ કરીશું : ધર્મરાજસિંહ જાડેજા

## દરેક વ્યક્તિ ઓછામાં ઓછા બે વૃક્ષ વાવી તેને ઉછેરે તેવો નમ્ર અનુરોધ પણ કરાયો

જીવન સાથે જોડાયેલા આ કુદરતી ખલેલ સામે શક્ય એટલુ સંતુલન સાધવા સદભાવના ગૃપના જામનગરના પ્રમુખ ધર્મરાજસિંહ જાડેજા અને તેમના ગૃપના પ્રયાસથી અત્યાર સુધી હજારો વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું છે અને અને આગામી દિવસોમાં પણ આ વૃક્ષારોપણનું કાર્ય થતું રહેશે. સદભાવના ગ્રુપ દ્વારા એક લાખની સંખ્યામાં વૃક્ષારોપણનો સંકલ્પ લીધો છે અને તેમાંથી નોંધપાત્ર સંખ્યામા વૃક્ષારોપણ થયા છે. ત્યારે હજુય દરેક વ્યક્તિ ઓછામાં ઓછા બે વૃક્ષ વાવી તેને ઉછેરે તેવો નમ્ર અનુરોધ કરતા તેમણે ઉમેર્યુ છે કે કુદરતના પ્રકોપ સામે એક તો કેમ ટકવું પર્યાવરણ કેમ જાળવવુ અને બીજુ ભાવિ પેઢીને શું આપવું? તેવો દિલ ઢંઢોળતો પ્રશ્ન જો સૌને વિહવળ કરતો હોય તો મોટા થઈ ઘેઘૂર છાયો આપે તેવા વિવિધ વૃક્ષો દરેક વ્યક્તિ વાવે તે જરૂરી છે. નહિતર ભાવિ પેઢી ઓક્સીજન સીલીન્ડર ખભે લઈને ફરશે, તે કલ્પના પણ ડરામણી છે, તો આપણે આપણી ભાવી પેઢીને શું આપવુ છે? તેવો વેધક સવાલ સદભાવના ગૃપના પ્રમુખ ધર્મરાજસિંહ એસ. જાડેજાએ કર્યો છે.



# ગોંડલના ધારાસભ્યના પુત્ર વિરૂધ્ધ જૂનાગઢના યુવાનનું અપહરણ કરી મારમાર્યાની ફરીયાદ



## ગોંડલના અવાવરૂ જગ્યાએ લઈ જઈ નગ્ન કરી પિસ્તોલ જેવું હથિયાર બતાવી આડેધડ મારમારી વિડીયો ઉતાર્યાની ગણેશ જાડેજા સહિત ૧૧ સામે પોલીસ ફરીયાદ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢમાં ગુરૂવારે રાત્રે કાળવા ચોકમાં પસાર થતી વખતે કાર વ્યવસ્થિત ચલાવવાનું કહેવા મામલે એનએસયુઆઈના શહેર પ્રમુખ એવા સંજય રાજુભાઈ સોલંકી (ઉ.વ.૨૬) નામના યુવાનનું ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ જાડેજા સહીતના ૧૧ શખ્સોએ સંજય સોલંકીનું કારમાં અપહરણ કરીને ઉઠાવી જઈને ગોંડલ નજીક આવેલા ગણેશગઢમાં નગ્ન કરી વિડીયો ઉતારી, માફી મંગાવીને ઢોર મારીને ભેંસાણ ચોકડીએ ઉતારીને નાસી ગયાની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ સંજય સોલંકી ગુરૂવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યાના અરસામાં કાળવા ચોકમાંથી તેના પુત્ર સાથે ઘર તરફ જતો હતો. ત્યારે અચાનક પાછળથી એક કાર એકદમ સ્પીડમાં આવેલ અને બ્રેક મારી હતી. જેથી સંજયે કાર ચાલકને કાર વ્યવસ્થિત ચલાવવાનું કહેતા ઝગડો શરૂ થયો હતો. કારમાંથી અમુક વ્યકિતઓ નીચે ઉતરતા સંજયે કહ્યું કે, તમારે બાધવું હોય તો હું મારા દીકરાને ઘરે મુકીને આવું આમ કહીને સંજય પોતાના ઘર તરફ જતો રહ્યો હતો. ત્યારે આ શખ્સે કાર લઈને પાછળ પાછળ આવ્યા ત્યારે બે કારમાંથી આશરે ૧૦ શખ્સો નીચે ઉતર્યા અને ઝગડો કરવાની તૈયારીમાં હતા ત્યારે સંજયના પિતા રાજુભાઈ સોલંકી આવી ગયેલા અને તેઓએ જોયું તો કારમાં ગોંડલનો ગણેશ જયરાજસિંહ જાડેજા હતો. તેને ઓળખતા હોવાથી રાજુભાઈએ તે સમયે વચ્ચે પડીને સમાધાન કરાવતા એ શખ્સો જતા રહ્યા હતા અને બાદમાં સંજય રાત્રે ૩ વાગ્યાના અરસામાં ગામમાં આંટો મારીને પરત ઘરે જતો હતો ત્યારે દાતાર રોડ ઉપર ગાયત્રી દાળીયા ભંડાર સામે અચાનક પાછળથી બે કાર આવી હતી અને સંજયના બાઈકને ઠોકર મારીને પછાડી દીધો અને કારમાંથી પાંચ શખ્સો ઉતર્યા અને સંજયને લોખંડના પાઈપથી આડેધડ માર મારીને કારમાં બેસાડીને અપહરણ કરીને ઉઠાવી ગયા હતા. રસ્તામાં કારમાં એક શખ્સે પોતે પોલીસ હોવાનું કહીને માર માર્યો હતો. બાદમાં ગોંડલ બાજુ અવાવરૂ વાડી વિસ્તારમાં લઈ જઈને ગણેશ જાડેજાની હાજરીમાં માર મારેલ હતો. તેના પછી તેઓ સંજયને કારમાં બેસાડી ગોંડલ તેના ઘરે ગણેશગઢમાં લઈ ગયા જયાં ગણેશના માણસોના હાથમાં પિસ્તોલ જેવા હથીયાર, લોખંડના પાઈપ હતા અને ગણેશની ઓફિસમાં લઈ જઈને કપડા ઉતારીને સંજયનો વિડીયો બનાવી માફી મંગાવી હતી અને આડેધડ માર મારીને કહેલ કે, તું જૂનાગઢ એનએસયુઆઈ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેજે અને આ બાબતે જો કોઈને ફરિયાદ કરીશ તો મારી નાખીશું તેવી ધમકી આપીને કારમાં બેસાડી ભેંસાણ ચોકડી પાસે ઉતારીને નાસી ગયા હતા. બાદમાં સંજય સોલંકી ખાનગી વાહનમાં પોલીસ સ્ટેશન પહોંચ્યો અને પિતા રાજુભાઈ સોલંકી, સમાજના આગેવાન રાવણભાઈ પરમાર, હરસુખભાઈ મકવાણા, મિત નારણભાઈ સોલંકીને બોલાવ્યા હતાં. અને તેને સારવાર માટે સિવીલ હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. આ અંગે સંજય સોલંકીએ એ ડીવીઝન પોલીસમાં ગણેશ જાડેજા (ગોંડલ) અને અન્ય ૧૦ અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૬૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) આર્મએકટ અને એટ્રોસિટી અન્વયે ગુનો દાખલ કરીને આગળની તપાસ પીઆઈ વત્સલ સાવજે શરૂ કરી છે. આ ઘટનાના સીસીટીવી ફુટેજ પણ પોલીસને પુરાવા રૂપે આપવામાં આવ્યા છે. આ બનાવ અંગે ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ કહ્યું કે, ફરિયાદી બાઈક લઈને પસાર થતા હતા ત્યારે કાર નજીકમાંથી નીકળતા પથ્થર ઉડયો જે મામલે બંને વચ્ચે ઝગડો થયો અને ઘટના સર્જાઈ હતી. આ અંગે ગુનો દાખલ કરીને આ કેસની તપાસ એટ્રોસિટીના ડીવાયએસપીને સોંપવામાં આવી છે અને આરોપીઓને પકડવા માટે એલસીબી, એસઓજી સહિતની ટીમો બનાવીને ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ અંગે સંજયના પિતા રાજુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, તેમના પુત્ર ઉપર હિચકારો હુમલો કરનારા આરોપીઓને ૨૪ કલાકમાં ઝડપી લેવાની માંગ સાથે આજે જીલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપવામાં આવશે અને આગામી દિવસોમાં ગોંડલમાં તેમના સમાજના સૌરાષ્ટ્રના આગેવાનોની ઉપસ્થિતિમાં સંમેલનનું પણ આયોજન કરી રહ્યા છીએ. જો આરોપીઓની ધરપકડ કરવામાં નહી આવે તો તેમનો આખો પરિવાર સામુહિક આત્મવિલોપન કરશે.

# જૂનાગઢ મનપા દ્વારા બી.યુ. સર્ટીફીકેટ નહીં ધરાવતા ૩૩ ટયુશન કલાસીસ સીલ કરાયા

## ફાયર એન.ઓ.સી મુદ્દત પુર્ણ થયેલ ૧૫ હોસ્પિટલ અને બી.યુ. પરમીશન ન મેળવેલ ૧૫ હોસ્પિટલોને નોટીસો ઈસ્યુ કરાઈ

જૂનાગઢ તા.૧

તાઃ૨૫/૦૫/૨૦૨૪ના રોજ રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોનમાં આગ લાગતા જે દુર્ઘટના સર્જાય હતી.તેના અનુસંધાને ફરી આ પ્રકારની કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે માન.કમિશનરશ્રી ડૉ.ઓમ પ્રકાશના માર્ગદર્શન હેઠળ અને નાયબ કમિશનરશ્રી એ.એસ. ઝાંપડાની સુચના અન્વયે જૂનાગઢ, મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલ મોલ, હાઈરાઈઝ બિલ્ડીંગ, મલ્ટી સ્ટોરેજ બિલ્ડીંગ, હોસ્પીટલો, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, સિનેમા ગૃહ, શોપીંગ કોમ્પલેક્ષ, અન્ય બહુમાળી બિલ્ડીંગો, ધાર્મિક સ્થળો અને જે જગ્યાએ વધુ લોકોને અવર જવર થતી હોય તેવા તમામ સ્થળો પર બાંધકામ પરવાનગી,બિલ્ડીંગ વપરાશ પ્રમાણપત્ર,ફાયર એન.ઓ.સી. તેમજ મહાનગર પાલિકા દ્વારા આપવામાં આવતા અલગ અલગ પરવાના તથા બિલ્ડીંગ સ્ટ્રકચર (કાયમી તથા હંગામી) વગેરે બાબતોની તપાસ/ ચકાસણી કરવામાં આવી રહી છે.

શહેરમાં વિવિધ હોસ્પિટલમાં તાઃ૨૯/૦૫/૨૦૨૪ અને તાઃ૩૦/૦૫/૨૦૨૪ ના રોજ ફાયર શાખા તથા ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા સર્વે હાથ ધરાયેલ.આ હોસ્પિટલો પૈકી ફાયર શાખા દ્વારા ફાયર એન.ઓ.સી. મુદત વીતી ગયેલ કુલ ૧૫ હોસ્પિટલોને ગઈકાલે તાઃ૩૧/૦૫/૨૦૨૪ના રોજ (૧) શુભમ મેટરનીટી હોસ્પિટલ, (૨)રીબર્થ આઈ.સી.યુ. એન્ડ હોસ્પિટલ, (૩) વક્તા ડેન્ટલ કેર,(૪) લીટલ વિંગ્સ ન્યુ બોર્ન એન્ડ પીડીયાટ્રીક ક્રીટીકલ કેર હોસ્પિટલ (૫) ઠેસિયા મેટરનીટી એન્ડ સર્જીકલ હોસ્પિટલ (૬) સામવેદ ઓર્થોપેડિક હોસ્પિટલ (૭) ક્રિષ્ના ઈ.એન.ટી. હોસ્પિટલ (૮) પ્રેરણા હોસ્પિટલ (૯) પાનસુરીયા નિદાન કેન્દ્ર (૧૦) પટોડિયા મેટરનીટી હોસ્પિટલ (૧૧) કિરણ ઈમેજિંગ સેન્ટર (૧૨) શ્રીજી કોમ્પ્લેક્ષ હોસ્પિટલ બિલ્ડીંગ (૧૩) અવધ મેટરનીટી હોસ્પિટલ (૧૪) અવધ હોસ્પિટલ એન્ડ આઈ.સી.યુ. (૧૫) વડાલીયા ઈન્ટેન્સીવ કેર હોસ્પિટલને ફાયર પ્રિવેન્સન અને લાઈફ સેફટી મેઝર્સ એક્ટની જોગવાઈઓ અનુસારની ધારાસરની નોટીસ ઈશ્યુ કરેલ છે.આ ઉપરાંત ગીરનાર રોડ પર આવેલ માંગલ્ય પાર્ટી પ્લોટની પાસે આવેલ સાયન્સ મ્યુઝીયમ પાસે ફાયર સેફટી સુવિધા ઉપલબ્ધ ન હોય તેથી તેઓને પણ ધારાસર નોટીસ ઈશ્યુ કરેલ છે.આ ઉપરાંત જુનાગઢ શહેરની શાળા, કોલેજો, હોસ્ટેલ ઈમારતોમાં અલગ અલગ કુલ ૩ ટીમ દ્વારા ફાયર સેફટી ઈન્સ્પેકશનની કાર્યવાહી હાલ કાર્યરત છે.

શહેરમાં ગઈકાલે ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ૩૩ ટ્યુશન કલાસીસ (૧) એકિસસ ઈન્સ્ટીટયુટ (૨) સ્વર સંગીત એકેડમી (૩) ભાગ્યશ્રી લાઈબ્રેરી (૪) યુસી માસ (૫)સ્વામી વિવેકાનંદ (૬) વેબદંચ ટયુશન કલાસીસ (૭) સાઈ ઈન્સ્ટીટયુટ (૮) એકલવ્ય એકેડમી (૯) અલ્ટ્રા કોમ એકેડમી (૧૦) ક્રિષ્ના એકેડમી (૧૧) શિક્ષા એકેડમી (૧૨) મહાદેવ એન્જીનિયરીંગ (૧૩) ઈન્વોઈસ એજયુકેશન (૧૪) સ્ટેનો એકેડમી (૧૫) ગ્લોબલ કોમ્પ્યુટર (૧૬) એમ.સી.સી. એકેડમી (૧૭) સ્ટાર કેરીયર (૧૮)વિનાયક એકેડમી (૧૯)મુરલીધર એકેડમી (૨૦)સ્ટડી વેલ (૨૧) રાશી એન્ટરપ્રાઈઝ (૨૨) જાવ્યા કલાસીસ (૨૩) કોમ્પીટીટીવ કેરીયર પોઈન્ટ (૨૪) ટાર્ગેટ એકેડમી (૨૫) આર.વી. ટયુશન કલાસીસ (૨૬) સ્ટેપ એકેડમી (૨૭) ડેલ્ટા કલાસીસ (૨૮) મોનાર્ક ઈન્સ્ટીટયુટ ઓફ ઈંગ્લીસ (૨૯) નુતન ટયુશન કલાસીસ (૩૦) ન્યુ એરા (૩૧) શ્રી કમ્પ્યુટર કલાસ (૩૨) એકસીસ એકેડેમી (૩૩) જ્ઞાન સાધના બી.યુ.સર્ટીફીકેટ ન ધરાવતા નોટીસ આપી સીલ કરવામાં આવ્યા હતા. તેમજ બી.યુ.સર્ટીફીકેટ ન ધરાવતી ૧૫ (પંદર) હોસ્પીટલ (૧) ડો.વિષ્ણુ ઢોલ ડોકટર હાઉસ (૨) ડો.અરવિંદભાઈ એલ.જાવીયા ડોકટર હાઉસ (૩) ડો.એન.જે.પોકીયા ડોકટર હાઉસ (૪)ડો.બી.આર.જીવાણી ડોકટર હાઉસ (૫)ડો.સંજય જી.ત્રાડા ત્રાડા હોસ્પીટલ (૬)ડો.કીરીટ પટેલ આસ્થા આયુર્વેદીક હોસ્પીટલ (૭)ડો.પરેશ સી. પરસાણીયા (૮)ડો.વિપુલ માકડીયા વિઝન આંખની હોસ્પીટલ (૯)ડો.અનિલ તકવાણી (૧૦) ડો.કે.એલ. કોટડીયા (૧૧)ડો.જીજ્ઞા શાહ (૧૨)ડો. અક્ષય અંબાસણા (૧૩)ડો. આશીષ વાછાણી અર્પણ હોસ્પીટલ (૧૪) ડો.મનીષ સોઢા (૧૫) લીલાવંતી હોસ્પિટલ નો સર્વે કરી ખાલી કરવા / બી.યુ.મેળવી રજુ કરવા માટે નોટીસ આપવામાં આવી હતી.

આગામી દિવસોમાં મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા શહેરમાં આવેલ કોલેજો, પ્રાથમિક શાળામાં ફાયર એન.ઓ.સી. તથા બી.યુ.પરમીશન ચકાસણીની કાર્યવાહી કરવામાં આવશે.

# જૂનાગઢના સક્કરબાગમાં પાંજરામાં સફાઈ કરનાર કર્મચારી ઉપર સિંહનો હુમલો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં પાંજરાની સફાઈ કરનાર કર્મચારી ઉપર સિંહે હુમલો કર્યો હતો. સફાઈ બાદ પાંજરૂં ખુલ્લું રહી જતા સિંહ બહાર આવી જતા આ ઘટના બની હતી. કર્મચારીને હાથ, પગ, પીઠના ભાગે ઈજા થતા સારવારમાં સિવીલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ અંગે મળતી વિગત મુજબ સક્કરબાગમાં ધીરૂભાઈ પી. ટુંડીયા નામના સફાઈ કર્મચારી એકાદ દશકા કરતા વધુ સમયથી સિંહના પાંજરાની સફાઈની કામગીરી કરે છે. દરમ્યાન દરરોજના નિત્યક્રમ મુજબ શુક્રવારે પણ ધીરૂભાઈ સિંહના પાંજરામાં સફાઈ કરતા હતા. જોકે, સફાઈ કામગીરી પૂર્ણ થયા બાદ ભૂલથી પાંજરાનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો. દરવાજો ખુલ્લો હોવાથી અજાણ ધીરૂભાઈ બાજુના પાંજરામાં સફાઈ કરી રહ્યા હતા ત્યારે સિંહ આવી ચડ્યો હતો અને હુમલો કરી દીધો હતો. દરમ્યાન બાજુના અન્ય એક પાંજરામાં સફાઈ કરનાર કર્મી દોડી આવ્યો હતો અને હાકોટા પડકારા કરતા સિંહ પાંજરામાં જતો રહ્યો હતો. બાદમાં પાંજરાનો દરવાજો બંધ કરી દેવાયો હતો. સિંહના હુમલામાં ધીરૂભાઈને હાથ, પગ અને પીઠના ભાગે ઈજા પહોંચી હતી. હુમલાની જાણ થતા જ અન્ય કર્મચારીઓ પણ દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત કર્મચારીને તુરત સારવાર માટે

# વિસાવદરમાં લુટેરી દુલ્હન ફુલેકુ ફેરવી પલાયન થઈ જતાં પોલીસ ફરિયાદ

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧

વિસાવદરમાં લુંટેરી દુલ્હન ફુલેકુ ફેરવી પલાયન થયાનો કિસ્સો વિસાવદર રિબડીયા પરિવાર સાથે બનતા આખરે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

વિસાવદરના રિબડીયા પરિવારના મુકેશભાઈ પાંચાભાઈ રિબડીયા ના મોટાભાઈ નારણભાઈનું થોડા સમય પહેલા કેન્સરની જીવલેણ બીમારીના કારણે ઘણો મોટો ખર્ચ કરવા છતાં જિંદગી બચી નહિ અને તેઓનું અવશાન થયેલ તેમના અવસાન બાદ મુકેશભાઈ ઉપર તેમના મોટા ભાઈ નારણભાઈના બન્ને બાળકોની જવાબદારી આવી પડી બન્ને કુંવારા હોય અને દીકરો કૌશલ ઉંમર લાયક થતા તેમના લગ્ન માટે કન્યાની શોધખોળ ચાલતી હતી.તે દરમિયાન તેઓને અનેકલોકોને આ બાબતે યોગ્ય પાત્ર માટે વાત કરેલી હતી જેમાંજેમાં ફરિયાદી મુકેસભાઈના મોટાબાપાના દીકરા જીણાભાઈ ગોવિંદભાઈએ તેમના માસિયાય ભાઈ મહેશભાઈ ધીરુભાઈ કથીરિયાને વાત કરેલ અને તેના ભત્રીજા કૌશલના નંબર આપેલ ત્યારબાદ આ મહેશભાઈ એ તેના મોબાઈલ નંબર ઉપરથી જુદી જુદી છોકરીઓના ફોટા ફરિયાદીના ભત્રીજાને મોકલેલ જેમાં શીતલ નામની છોકરી પસંદ આવતા બેઠક કરવામાં આવેલ જેમાં દોઢ લાખની રકમ નક્કી થયેલ અને રૂપિયા ૭૫,૦૦૦/-સગાઈ વખતે આપવાના અને કપડા,ઘરેણાં વિગેરે આપવાનું નક્કી કરી તેઓની સાથે સગાઈ કરી લગ્ન પણ પાચ દિવસમાં કરી નાખવાનું નક્કી કરેલ ત્યારબાદ આ કામના આરોપીઓ સાથે સંપર્ક કરતા તેઓના મોબાઈલ નંબર સ્વીચ ઓફ આવતા લાગતા ફરિયાદી ને શંકા જતા આરોપીઓ એ આપેલ સરનામે આવા કોઈ આરોપી રહેતા ન હોય તેઓએ ફરિયાદી સાથે વિશ્વાસ ઘાત તથા ઠગાઈ કરેલ હોવાનું માલુમ પડતા આરોપીઓ ના સાચા નામ સરનામાં મેળવી આજરોજ પોલીસને આપી ફરિયાદ દાખલ કરતા વિસાવદર પોલીસે આરોપી (૧) પ્રવીણ ઉર્ફે સંજય પટેલ (૨)શીતલ બેન વાઈફ ઓફ પ્રવીણ ઉર્ફે સંજય પટેલ (૩)શીતલ રામજી મોહન વસાવા તથા (૪)રમેશ ઉર્ફે પરબત વસાવા સહિતના લોકો સામે પોલીસ ફરિયાદ કરેલ છે.

# ઝાલણસર ગુરૂકુળનાં સ્વામી વિજયપ્રકાશને માર મારવાનાં બનાવમાં ૬ શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાઈ

## રાયોટીંગ સહીતનાં ગુના નોંધાયા : સુરત નજીક સરખાણા ગામની ૭૦ વિઘા જમીનનાં મામલે બબાલ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ તાલુકાના ઝાલણસર ગામે આવેલા સ્વામીનારાયણ ગુરૂકુળના સ્વામી વિજયપ્રકાશને કેટલાક શખ્સો માર મારતા હોય એવો વિડિયો સોશ્યલ મિડિયા ઉપર વાયરલ થયો હતો. જેને પગલે સ્વામી નારાયણ સંપ્રદાયમાં ભારે ચર્ચાઓ જાગી હતી. આ વિડિયોને પગલે સ્વામીએ જણાવ્યું હતું કે, સુરતની એક જમીનના મામલે છેક ૮ વર્ષ બાદ વિવાદ વકર્યો છે. જેમાં પોતાની કોઈ ભૂમિકા હોવાની આશંકા રાખીને આ હુમલો કરવામાં આવ્યો છે. આ અંગે જાણવા મળતી વિગતો મુજબ, સ્વામી વિજય પ્રકાશને એવું કહેતા સંભળાયા હતા કે, બે દિવસ પહેલાંની આ ઘટનામાં કેટલાક શખ્સો પોતાની સંસ્થાએ ખોટા બહાના દઈને આવ્યા હતા. અને જે કોઈ મેટરને મારે લાગતું વળગતું નથી એને લઈને મારા ઉપર ૪ થી ૫ શખ્સોએ હુમલો કર્યો હતો અને બે શખ્સો વિડિયો ઉતારતા હતા. સુરતના સલથાણાની ૭૦ વીઘા જમીનમાં ખેડૂતે પૈસા લઈ લીધેલા છે. પછી જૂનાગઢના સ્વામી જયકૃષ્ણને પ્રલોભન આપ્યું કે, આ જગ્યા આશ્રમ માટે આપીશું. એટલે તેમણે વચ્ચે રહીને જમીનનો સોદો કરાવેલો. પછી સમય જતાં તેનું કોઈ નિરાકરણ નથી આવ્યું એટલે તેની ઉઘરાણી કરવામાં આવી. આ વાત ૨૦૧૫-૧૬ ની છે. પણ હવે તેને શા માટે ઉખેળવામાં આવી છે એ પ્રશ્ન છે. એ લોકોને એવી શંકા હતી કે, જયકૃષ્ણ સ્વામી જુદા જુદા પ્રસંગોમાં સાથે હોઈએ છીએ એટલે હું પણ તેમાં સામેલ હોઈશ.

દરમ્યાનમાં આ બનાવ અંગે ઝાલણસર ગામ સ્થિત ધોરાજી રોડ શ્રીધામ ગુરૂકુળ ખાતે રહેતા સ્વામી વિજયપ્રકાશ ગુરૂ મોહનપ્રકાશદાસજી (ઉ.વ. ૩૬)એ આ બનાવનાં આરોપીઓ (૧) જસ્મીનભાઈ બાલશંકર માઢક (રાજકોટ), (૨) જય મોલીયા (રાજકોટ) (૩) પ્રકાશ વાઘ, (૪) રામભાઈ આહીર (ઝાલણસર) તથા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ નોંધાવેલી ફરીયાદમાં જણાવાયું છે કે ઉપરોકત ૧ થી ૬ આરોપીઓએ ફરીયાદી સાથે જમીન લેતીદેતી બાબતનો ખાર રાખી સમાન ઉદેશ્ય પાર પાડવા માટે ગેરકાયદેસર મંડળી રચી ફરીયાદીના શ્રીધામ ગુરૂકુળમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીને ઓફીસમાં ઘુસી જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી શરીરે મુંઢમાર મારી જાનથી મારી નાખવાની અને ફરીયદીને માર મારતા હોય તેનો વિડીયો ઉતારી બદનામ કરવાની ધમકી આપી ગુનો કર્યાનું જણાવતાં પોલીસે આ બનાવમાં આઈપીસી ૩૨૩, ૪૫૨, ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૫૦૪, ૫૦૬ (૨), ૫૦૦ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના પંચેશ્વરમાં બુટલેગરના ઘરેથી ૬૯૦ લીટર દારૂ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢના પંચેશ્વર વિસ્તારમાં બુટલેગરને ત્યાં ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડીને ૧.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. શહેરમાં પંચેશ્વર વાડિયા વિસ્તારમાં રહેતો બુટલેગર ઉકા વેજાભાઈ કોડીયાતર તેના રહેણાંક મકાને દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ કરતો હોવાની માહિતી મળતા એલસીબીના પીઆઈ જે. જે. પટેલના માર્ગદર્શનમાં તેમના સ્ટાફે દરોડો પાડી મકાનની ડેલી પાસેથી જીજે ૦૩ ડીજી ૨૮૬૩ નંબરની કારમાંથી રૂપિયા ૧૩,૮૦૦નો ૧૩૮ લિટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ મકાન પાછળના ભાગે વોકળામાં જમીનમાં દાટેલ ૨૨ બેરલ આથો મળી આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે દારૂ, આથો અને કાર સહિત કુલ ૧,૭૪,૮૦૦નો મોઢામાં કબજે લીધો હતો. આ કાર્યવાહી દરમ્યાન



ઉકા વેજા હાજર નહીં મળી આવતા તેની સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

# ભેસાણ પંથકમાં કુદરતી હાજતે ગયેલી સગીરાને પૈસાની લાલચ આપી દુષ્કર્મ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

ભેસાણ પંથકમાંથી વધુ એક દુષ્કર્મનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. ૫ દિવસ પહેલા કુદરતી હાજતે ગયેલી સગીરાને પૈસાની લાલચ આપી એક શખ્સે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ કિશોરીની માતાએ કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

ભેસાણ વિસ્તારના ગામની ૧૫.૭ વર્ષની સગીરા ૫ દિવસ પહેલા સવારે ૬:૩૦ વાગ્યાનાં અરસામાં પોતાના ઘરની પાછળ આવેલ પડતર જગ્યામાં કુદરતી હાજતે ગઈ હતી. ત્યારે એક ૪૫ વર્ષીય શખ્સે આવી સગીરાની એકલતાનો લાભ લઈ રૂપિયા ૧૦૦ આપી અને વધારે પૈસા આપવાની લાલચ આપી તરૂણીના શરીરે અડપલા કરી બાદમાં બળજબરીથી શરીર સંબંધ બાંધી દુષ્કર આચરીને જતો રહ્યો હતો. બાદમાં આ અંગે તરુણીએ તેની માતાને વાત કરતા પરિવારજનો દિગ્મૂઢ થઈ ગયા હતા. ગુરૂવારની સાંજે કિશોરીની માતાએ ફરિયાદ કરતા ભેસાણનાં પીએસઆઈ એમ. એન. કાતરીયાએ જુદી જુદી કલમ અને પોકસો એકટની કલમ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢ તાલુકાના ભીયાળ ગામે જુગાર દરોડો : ૭ ઝડપાયા

જૂનાગ. તાઢ ૧

જૂનાગઢ તાલુકાના ભીયાળ ગામે અરવિંદભાઈ પુનાભાઈ બાલધાની વાડીએ આંબલીના ઝાડ નીચે જાહેરમાં જુગાર રમાતો હોવાની માહિતી મળતા તાલુકા પોલીસે દરોડો પાડીને ૭ શખ્સોને રૂપિયા ૨૧,૭૬૦ના મુદામાલ સાથે જુગાર રમતા પકડી પાડી કાર્યવાહી હાથ ધરી

